

# અધ્યાત્મ

વર્ષ : ૩ અંક : ૭ એપ્રિલ : ૧૯૮૨

## નવા નોંધાયેલ આજીવન સભ્યો

અધ્યાત્મના નવા નોંધાયેલ આજીવન સભ્યોનાં નામ નીચે પ્રમાણે છેઃ –

२२५ શ્રી મધુસૂદન ડી. શાસ્ત્રી સુરત. રૂ. २५१.
२२६ શ્રી. દલપતરામ નારાયણદાસ ચાંપાનેરિયા. સુરત. રૂ. २५१.
२२७ શ્રી. વીણાબેન શશિકાન્ત લેખડિયા સુરત. રૂ. २५१.
२२८ શ્રી. જયેશકુમાર નટવરલાલ પટેલ સુરત. રૂ. २५१.
२२९ શ્રી. મહેશચંદ જમનાદાસ પોટલા. સુરત રૂ. २५१.
२३० શ્રીમતી જશોદાબેન મણિલાલ ઠાકર સુરત. રૂ २५१.
२३१ શ્રી. કાન્તિલાલ જીવણદાસ પટેલ વડોદરા રૂ. २५१

## શુભેચ્છા ભેટ

સુજ્ઞ વાંચકો ને અધ્યાત્મ પ્રત્યે ભાવ રાખતા સાધકો તરફથી શુભેચ્છા મદદ મળતી રહે છે. તે સહુ ભાઈ–બહેનોનો આભાર માનીએ છીએ.

५१–०० સ્વ. નલિનકુમારના સ્મરણાર્થે શ્રી. શાન્તિભાઈ ટપુ દેસાઈ સુરત.
३१–०० શ્રી. બાબુભાઈ મંગળદાસ બુકસેલર સુરત.
२५–०० શ્રી. પદ્માબેન પ્રતાપભાઈ ત્રિવેદી તરફથી
११–०० શ્રી. નીકુબેન ત્રિવેદી સુરત.
११–०० એક અનામી શુભેચ્છક સુરત તરફથી
१०–०० શ્રી. મહિપતભાઈ વોરા, સુરેન્દ્રનગર તરફથી પ્રદીપ કુમારના શ્રી મીના સાથેના લગ્ન પ્રસંગે.



પૂ. શ્રી યોગેશ્વરજી

## ચરણની બલિહારી

યોગેશ્વર ચરણની બલિહારી
એની વાત ખરેખર છે ન્યારી-

જીવન ઘડતરની એ શાળા
તોડે બંધનના તાળાં

પ્રગટ પ્રભુની શીતળ છાયા
છોડાવે ઝંઝેર માયા.

ગુરુ ગોવિંદ તણા સથવારે
મુક્તિ મળે મંગલ દ્વારે.

પ્રભુ પ્રેમની પુનિત પરબડી
પામી કાયા ધન્ય બની.

સંગ સ્વર્ગસુખ દેવી આપે
અજ્ઞાન તિમિર ને કાપે.

—શ્રી સર્વેશ્વરી.

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
વર્ષ : ૩ અંક : ૭ છૂટક નકલ ૧-૫૦, વાર્ષિક લવાજમ
દેશમાં રૂ. ૧૫-૦૦ વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ ( વિમાનથી )

**સંસ્થાપક :**
**પ. પૂ. યોગેશ્વરજી**
સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ
મણીનગર, અમદાવાદ-૮

**તંત્રી-સંપાદક :**
શ્રી નારાયણ હ. જાની

**સહસંપાદકો :**
શ્રી નાનુરામ દુધરેજિયા
શ્રી ભાઈલાલભાઈ છાટબાર
શ્રી મણિભાઈ સી. શાહ

**સલાહકાર મંડળ :**
શ્રી સર્વેશ્વરી
શ્રી રમણીકલાલ ભોગીલાલ શાહ (ભાવનગર)
શ્રી વિઠ્ઠલ પંડ્યા (મુંબઈ)
શ્રી બાબુભાઈ વ્હોરા ( અમદાવાદ )
શ્રી જે. વી. શાહ (મુંબઈ)
શ્રી શાંતિભાઈ કનેરીયા (રાજકોટ)
શ્રી રાજેશભાઈ કાપડિયા (ભાવનગર)

**પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન :**
'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી
સરદારનગર, ભાવનગર-૩૬૪૦૦૧

**તંત્રી, મુદ્રક અને પ્રકાશક :**
નારાયણ હ. જાની ફોન : ૨૮૬૬૩

**મુદ્રણસ્થાન :**
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ
લોખંડબજાર, ભાવનગર-૩૬૪૦૦૧

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

**ગ્રાહકોને :** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.

- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતા રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની દસમી તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કંઈ સૂચનો કરવાનાં હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૮ સુધીમાં જે ગ્રાહકોનાં નામ મળી જશે, તેમને તા. ૧૦મીએ અંક રવાના કરવામાં આવશે.

# ✻ અનુક્રમણિકા ✻


| | | |
|---|---|---|
| મધમાખી બનો | ૩ | શ્રી યોગેશ્વરજી |
| શ્રેયયાત્રા-૨૦ | ૭ | ભાઇલાલભાઈ છાટબાર |
| ધ્યાન સાધના શિબિર | ૧૦ | તંત્રી |
| એક યાદગાર યાત્રા | ૧૧ | નારાયણ હ. જાની |
| "પંચતત્ત્વકી પૂંજી" | ૧૮ | ભૂપતરાય મો. ઠાકર |
| શ્રી રામકૃષ્ણનો ભક્તપ્રેમ | ૨૦ | શ્રી યશસ્વીભાઈ ય. મહેતા |
| શ્રીમદ્ રાજચંદ્ર | ૨૨ | મહાત્મા ગાંધીજી |
| 'પ્રાર્થનાનો પ્રત્યુત્તર' | ૨૬ | સાધુ પ્રીતમપ્રસાદદાસ |
| શક્તિ દો | ૩૧ | —યોગેશ્વર. |
| આ માનવનો મહેરામણ | ૩૨ | ઈશ્વરભાઈ પટેલ |
| છાંડયો સંગાથ ! | ૩૩ | ડો. રણજિત પટેલ (અનામી) |
| 'પ્રકાશના પંથે' | ૩૪ | દીપક પ્ર. મહેતા |
| **સંગીતા મે......૪** | ૪૧ | ડો. અશ્વિનભાઇ કું. પટેલ |
| મથુરાની મોહક કથા | ૪૫ | શ્રીહસુભાઈ ગિ. દવે |
| આપણા ધર્મ પ્રતીકો | ૪૮ | પ્રા. જનાર્દન દવે |
| સત્યની ચકાસણી | ૫૬ | સ્વામી શ્રીરામ |
| દીર્ઘકાલીન યૌવન | ૫૮ | શ્રી જે. વી. શાહ |
| રામકથા | ૬૧ | શ્રી યોગેશ્વરજી |





# અધ્યાત્મ

**વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો**

વર્ષ : ૩ એપ્રિલ-૧૯૮૨ અંક : ૭


## મધમાખી બનો

**શ્રી યોગેશ્વરજી**

મેં પસંદ કરેલા વિષયનું શીર્ષક વાંચીને કોઈને થશે કે શું આપણે ફરીવાર મધમાખી બનવાનું છે અથવા તો મધમાખીના શરીરમાં પ્રવેશ કરવાનો છે ? માનવશરીરનો મહિમા સત્પુરુષો તથા સત્શાસ્ત્રોએ વિવિધ રીતે વર્ણવી બતાવ્યો છે. એ શરીર જેને તેને અને જ્યારે ત્યારે નથી મળતું. એની શક્તિ અને શક્યતા ઘણી મોટી છે. તુલસીદાસે રામાયણમાં એને 'સાધનધામ' તથા 'મોક્ષનું દ્વાર' કહ્યું છે. એની મદદથી પોતાના અને બીજાના હિત માટેનો પુરુષાર્થ કરી શકાય છે. એવા સુંદર, સર્વોત્તમ શરીરનો ત્યાગ કરીને મધમાખીના કે એવા બીજા કોઈ હીન ગણાતા શરીરનો સ્વીકાર કરવાના પ્રસ્તાવ પર વિચાર પણ કોણ કરે ?

સાચું છે. એવા વિચારો કે મનોભાવોની સાથે આપણે અવશ્ય સંમત થઈશું. આપણે પોતે પણ માનવશરીરને મૂકીને મધમાખીના શરીરમાં પ્રવેશવાનો પ્રસ્તાવ કોઈની આગળ રજૂ નથી કરતા. આપણે તો મધમાખી બનતાં શીખવાની વાત જ કરી રહ્યા છીએ. એટલે માનવ તરીકે શ્વાસ લેતા રહીને, માનવ તરીકેનું અલગ અસ્તિત્વ મટાડી દીધા વિના, મધમાખી પાસેથી ગુણ ગ્રહણ કરી, એની જેમ

જીવનમાં જરૂરી ફેરફાર કરવાની સૂચના જ આપી રહ્યા છીએ. એટલે એ સંબંધી અન્યથા ને નિરર્થક ભય રાખવાનું કોઇ કારણ નથી.

ત્યારે મધમાખી પાસેથી આપણે સૌએ કયો ગુણ ગ્રહણ કરવાનો છે? કોઈ વળી બોલી ઊઠશે કે તમે પણ ખરા નીકળ્યા! માણસ જેવા તુચ્છ જંતુ પાસેથી કોઈ વિશેષ ગુણ કે ઉપદેશ ગ્રહણ કરે એ વિચાર જ કેટલો બધો શરમજનક અને હાસ્યાસ્પદ લાગે છે? માણસ જો મધમાખીને ગુરુ કરશે તો એનું ગૌરવ શું રહેશે?

પરંતુ એવી દલીલ નિરાધાર છે. કવિ દલપતરામે કહ્યું જ છે કે 'લેવી નાના પાસથી પણ ચાતુરીની વાર્તા.' એ પ્રમાણે સાધારણ લાગતા પ્રાણી કે પદાર્થની પાસેથી પણ જો કોઇ જીવનોપયોગી પ્રેરક સંદેશ મળે તો તેને ગ્રહણ કરવામાં હરકત ના હોવી જોઈએ. સારી વાત તો દરેકની પાસેથી શીખી શકાય છે. દત્તાત્રેયે પણ મધમાખીને ગુરુ કરીને એની પાસેથી પરિગ્રહ અથવા મમતા ના કરવાનો પદાર્થપાઠ પ્રાપ્ત કરેલો. એ હકીકત શ્રીમદ્ ભાગવતમાં વિસ્તારથી વર્ણવેલી છે. મધમાખીઓએ તૈયાર કરેલું મધ એમના કામમાં ના આવ્યું અને બીજાએ લૂંટી લીધું. એ જોઈને દત્તાત્રેયને સર્વ પ્રકારના પુરુષાર્થો તથા પરિગ્રહો પરથી વૈરાગ્ય થયો. પરંતુ આપણે તો મધમાખી પાસેથી એક બીજી જ વાત શીખવાની છે.

મધમાખી ફૂલ પર બેસે છે અને મધ એકઠું કરે છે; એટલે કે સાર ગ્રહણ કરે છે. એવી રીતે આપણે સૌએ સારગ્રાહી થવાનું છે. મધમાખીએ તૈયાર કરેલા મધપૂડાને જોઇને આપણને કેટલું આશ્ચર્ય થાય છે! એ મધપૂડાની પાછળ એનો કેટલો બધો એકધારો ઉદ્યમ રહેલો છે? એવી રીતે જો આપણે પણ સંસારમાંથી શુભને ગ્રહણ કરીએ અને એવી સંચિત સૌરભમાંથી મધપૂડા જેવું રસવંતું મધુમય જીવન તૈયાર કરીએ તો કેટલો બધો લાભ થાય? પ્રત્યેક વ્યક્તિ જો પોતાની મેળે સર્વોત્તમ જીવનનો એવો મધપૂડો તૈયાર કરે તો જીવન



સ્વર્ગસુખદ બની જાય એમાં સંદેહ નથી. ત્રિગુણાત્મિકા પ્રકૃતિમાંથી પેદા થયેલી આ સૃષ્ટિ એકસરખી અને એકસરખા સ્વરૂપવાળી નથી. એમાં ફેરફારો થયા જ કરે છે, તેમજ એ શુભ-અશુભના સંમિશ્રણરૂપ છે. એવી સૃષ્ટિમાં શ્વાસ લેતાં લેતાં શુભ તથા સત્યનું જ દર્શન તેમજ ગ્રહણ કરવાની ટેવ પાડવી આવશ્યક છે. સંસારમાં સર્વત્ર ને સૌમાં વત્તા કે ઓછા પ્રમાણમાં કાંઈ ને કાંઇ શુભ તો હોય છે જ. દુષ્ટ અથવા અધમ કહેવાતા મનુષ્યોમાં પણ કેટલાક સારા ગુણો જોવા નથી મળતા એમ નહિ. એ શુભ અથવા સદ્ગુણોનું દર્શન કરતાં શીખવાની તથા એ મનુષ્યો વિશે અંતિમ અભિપ્રાય આપતાં પહેલાં એમની પ્રત્યે આંખમીંચામણાં નહિ કરવાની અને એમાંથી કોઇને કોઇ જીવનોપયોગી સંદેશ ગ્રહણ કરવાની કળામાં કુશળ બનવાની જરૂર છે. મધમાખી બનતાં શીખવાનું કહીને આપણે એ જ હકીકત તરફ અંગુલિનિર્દેશ કરવા માગીએ છીએ.

પરંતુ બધા માણસો એવી રીતે મધમાખી જેવા નથી બની શકતા. કેટલાક અથવા મોટા ભાગના માણસો એવા હોય છે કે બીજાનું સારું નથી જોઈ શકતા, સારુ બોલી કે લખી નથી શકતા; અને એથી આગળ વધીને બીજાની અંદર જે શુભ હોય તેની ચર્ચાવિચારણા કરવાને બદલે જે થોડુંક પણ અશુભ હોય તેની જ ચર્ચા કર્યા કરે છે. અને બીજામાં કશું અશુભ જેવું ના હોય તોપણ, પોતાની સ્વભાવ સહજ પરંપરાગત અશુભ જોવાની ખાસિયતને લીધે, ના હોય ત્યાંથી અશુભ શોધી કે જોડી કાઢીને પણ, વાણી તથા કલમદ્વારા તેનો પ્રચાર કરતા ફરે છે. એવા માણસોની ગુણગ્રાહકતા તદ્દન બુઠ્ઠી બની ગઈ કે મરી ગઈ હોય છે. એમની આંખ અને એમના અંતરમાં અમીને બદલે વિષ વ્યાપ્યું હોય છે. તે જ બધે ઢલવાયા કરે છે. કોઇને માટે બે વાકયો વખાણનાં કે કદરનાં બોલવાનો અવસર આવશે તોપણ તે પછી તરત જ એમના વિરુદ્ધનું કાંઇક કહી બતાવશે ત્યારે

જ એમને ચેન પડશે. વિરોધ, ટીકા કે નિંદાનાં થોડાં વાક્યોથી જ એ પોતાના વક્તવ્યની પૂર્ણાહુતિ કરશે. એ પદ્ધતિ જ એમને પસંદ પડશે, મીઠી મધ જેવી લાગશે, ને બીજી પ્રશસ્તિની પદ્ધતિ એમને માફક જ નહિ આવે. કાગડાની જેમ એમનું મન હંમેશાં બુરાઈનો જ આશ્રય લે છે અને બુરાઈમાં જ આનંદ માને છે.

કોઈ વાર કોઈક સ્વાર્થી હેતુની સિદ્ધિ થતાં, કોઈ વાર કોઈ પૂર્વગ્રહને લીધે, સંકુચિતતાને પરિણામે, સાચી વસ્તુ સમજી શકવાની શક્તિના અભાવને લીધે, પ્રકૃતિને લીધે, કે એવા કોઈ બીજા કારણને લીધે માણસ મધમાખી જેવો બનીને બીજાના ગુણ નથી જોઈ શકતો. કારણ ગમે તે હોય, પણ બીજાના ગુણ ના જોવાની ને ના મૂલવવાની એ વૃત્તિ તથા પદ્ધતિ આવકારદાયક કે કલ્યાણકારક તો નથી જ એ સાચું છે. સમજુ માણસે એ વૃત્તિ કે પદ્ધતિનો અંત આણ્યે જ છૂટકો છે. કોઈ વાર એવું પણ બને છે કે એક વાર બીજાના ગુણ જોનાર તથા તેને માટે ભેટ ભરીને તેની પ્રશંસા કરનાર પાછળથી તેનું ઘસાતું બોલે છે તથા તેની વિરુદ્ધ પ્રચાર કરે છે. એની પાછળ નાનું કે મોટું, સાચું કે ખોટું કારણ ગમે તે હોય, પરંતુ એ પણ માનવ-મનની નબળાઈનો જ એક પ્રકારનો પડઘો પાડે છે. જરૂર વગર કાયમ માટે કોઈની પ્રશંસા જ કર્યા કરવી એવું કહેવાનો આપણો ઉદ્દેશ જરા પણ નથી; આપણે તો એ હકીકત પ્રત્યે ધ્યાન ખેંચવા માગીએ છીએ કે માણસે ટીકાખોર વૃત્તિ ને નિંદાની પ્રવૃત્તિનો રસ કાયમને માટે છોડી દેવો જોઈએ. એ વૃત્તિ કદી પણ કલ્યાણકારક નથી થઈ શકતી.



# શ્રેયયાત્રા—૨૦

ભાઈલાલભાઈ છાટબાર

## સર્વારંભ પરિત્યાગી અને મિથ્યાવાદ

તા-૧-૧૨-૫૨ની સવારની બેઠકમાં હું જઈને પ્રણામ કરીને બેઠો. મહાત્માજી હંમેશની જેમ પ્રસન્નચિત્ત છે, ગાદી ઉપર બેઠા છે.

હમણાં આજકાલ સવારે સવારે થોડી ઠંડી દેખાય છે. પરંતુ મહાત્માજીને કોઈ વિશેષ વસ્ત્રપરિધાનની જરૂર નથી. તેઓશ્રીની જરૂરિયાત ખાદીના બે ટુકડામાં પૂરી થઈ જાય છે. ઋતુપરિવર્તનની કોઈ અસર નથી.

વર્ષો સુધી હિમાલયના ઊંડાણના પ્રદેશોમાં રહેવાનું બન્યું છે અને અનેક કઠિન તપશ્ચર્યાઓમાં વર્ષોનાં વર્ષ ગાળ્યાં છે જીવન-જરૂરિયાતની ચીજોના અભાવમાં આ લાંબો સમયગાળો પસાર કર્યો છે એટલે જાણે કે દેહ સર્વ સ્થળો માટે અને સર્વ ઋતુઓ માટે ઘડાઈને તૈયાર થઈ ગયો છે.

બર્ફીલા હિમાલયની તુલનામાં ઊભું રહી શકે તેવું સંસારભરમાં કોઈ સ્થળ છે જ ક્યાં? હિમાલય સેવ્યા પછી પાંચ ખંડ પૃથ્વીનો કોઈ પણ દેશ અને પ્રવર્તમાન કોઈ પણ ઋતુ તેઓશ્રીના શરીર ઉપર લગીર પણ અસર ન કરી શકે તે સહજ છે. તેમાંય વ્રતધારામાં હિમાલય-શા અડગ આ મહાત્માજીના વિશ્વવિજેતા મનોબળ આગળ પલટાતાં ઋતુમાન નમી પડે તે સ્વાભાવિક છે

એક ભાઈ આવ્યા. સંવાદ આ પ્રમાણે ચાલ્યો.

પ્રશ્ન—ગીતાજીમાં 'સર્વારંભ પરિત્યાગી' એવા શબ્દો ભક્ત માટે છે. બધા આરંભનો ત્યાગ એટલે શું?

મહાત્માજી—તમે પૂછો છો તે બારમા અધ્યાયના સોળમા

શ્લોકની બીજી પંક્તિમાં આવતા શબ્દો છે. સર્વ આરંભનો ત્યાગ એટલે સર્વ પ્રવૃત્તિ કે સર્વકર્મોનો ત્યાગ નહિ પણ તે પ્રવૃત્તિ કે કાર્યના વિચારનો-મનસૂબાનો ત્યાગ એવો અર્થ થાય છે. ભક્તના સર્વ આરંભ ભગવાન રચે છે. તેનાં બધાં કર્મ કે પ્રવૃત્તિ ઈશ્વરદત્ત હોય છે. ભક્ત પોતાને ભાગે આવે તે કર્તવ્ય પૂરી રીતે કરી છુટે છે. ભક્તની અહંતા ચાલી. ગઈ હોય છે એટલે પછી તેને શું કરવાનું હોય ?

—ભક્ત કોઇ મોટા ઘાટ ઘડતો નથી. વ્યવસાય કે સેવા-કાર્ય જે કંઇ ભક્તની કર્મભૂમિ હોય તેમાં પ્રવાહપ્રાપ્ત પ્રવૃત્તિને પૂરી રીતે ન્યાય આપવાનું પોતાનું કર્તવ્ય તે બજાવે છે.

તે શાસ્ત્રનિષિદ્ધ સર્વ કર્મોનો પરિત્યાગ કરનાર તો છે જ. પ્રાપ્તકર્મ સિવાય અન્ય કોઇ કાર્યમાં તે રસ લેતો નથી એટલુંજ નહિ પણ પ્રાપ્તકર્મ માટે પણ મનમાં નવા નવા ઘોડા ઘડ્યા કરતો નથી કે ધમપછાડા મારતો નથી.........

રાતનું પ્રવચન પૂરું થઇ ગયું છે. ધૂનનો મધુર લય વાતાવરણમાં છાઈ રહ્યો છે. છેલ્લી સત્સંગબેઠક રોજના ક્રમ મુજબ શરૂ થઈ છે. નિત્યક્રમ મુજબ આ બેઠકમાં મેં, નિશાન કરેલ પૃષ્ઠ ખોલી, ત્રણચાર પૃષ્ઠનું વાચન પૂરું કરી લીધું છે. આ વાચન ઉપર વિચારોની આપ-લે થઇ જતાં આજે આ પ્રમાણે સંવાદ ચાલ્યો.

પ્રશ્ન—યોગનિદ્રામાં પ્રવેશ કેવા પ્રકારે થતો હશે ?

મહાત્માજી-ધ્યાનમાં સંકલ્પવિકલ્પ ધીરે ધીરે દૂર થઈ જતાં ચિત્તની એકાગ્રતા સધાય છે. પ્રથમ તો બાહ્ય વસ્તુઓ-વિષયોમાંથી અસ્મિતાવૃત્તિ-શરીરની સભાનવૃત્તિ દૂર થઇ મન તરફ જાય છે. મનમાંથી પણ તે અસ્મિતાવૃત્તિ લય પામે છે ત્યારે નિદ્રા જેવી સ્થિતિ પેદા થાય છે. આ નિદ્રાસ્થિતિ તે યોગનિદ્રા છે. આ નિદ્રામાંથી જાગતાં જ તે અસ્મિતાવૃત્તિ



ફરી જાગે છે અને ઇન્દ્રિયો અને પ્રાણને પ્રેરનારી તે શક્તિ કામ કરવા લાગે છે. તે અસ્મિતાવૃત્તિ બક્ષનારા પરમાત્માને ધ્રુવજી શ્રીમદ્ ભાગવતમાં પ્રાર્થના કરે છે.

પ્રશ્ન-ધ્યાનસાધના માટે જીવનમાં યોગ્ય સમય ક્યારે ગણાય ?

મહાત્માજી—ધ્યાનમાં બેસવાનો અને સાધનાના આરંભ માટેનો યોગ્ય સમય પચીશ વર્ષ પહેલાંની વયનો ગાળો છે. સ્ફૂર્તિ હોય, લોહી થનગનતું હોય ત્યારે અઢાર-વીશ વર્ષની વયે સાધનામાં લાગી જનાર સાધક શાન્તિનું ઘણું ઘણું ભાથું પ્રાપ્ત કરી શકે છે. તાજું ફૂલ ઇશ્વરના દરબારમાં સરળતાથી સમર્પણ થઇ શકે છે.

પ્રશ્ન—સાધુસંન્યાસીઓ 'મિથ્યા મિથ્યા' કહ્યા કરે છે તો ઘરત્યાગ કરવો જરૂરી છે ?

મહાત્માજી—મિથ્યાવાદની ફિલસૂફીમાં ભારતના સાધુ-સંતો રચ્યાપચ્યા રહ્યા તેથી શ્રોતાવૃંદોને-સામાન્ય જનસમાજને ઘણું નુકસાન થયું છે. આદ્ય શંકરચાર્ય જેવા સંતો સંસ્કૃતિના ઉત્થાનમાં ઘણી મદદ કરી શકે. અકર્મણ્ય વૃત્તિમાંથી બહાર નીકળી કર્મમાં લાગી જવાની સાધના એ ગીતાનો મહત્ત્વનો બોધ છે.

મદદરૂપ થવાની ભાવના મહત્ત્વની છે. પછી સંતપુરુષો તે બોધ દ્વારા કરે કે એકાન્તમાં બેસી શુભ સંકલ્પો દ્વારા કરે.

સંસારમાંથી ક્યાંય નાસવાની કે ઘર છોડવાની જરૂર નથી. જીવન પ્રત્યે જાગ્રત રહીને બીજાના જીવનમાં ઉપયોગી થઈએ અને પરમાત્મપરાયણ બનીએ તે માનવધર્મ છે. જીવન જીવવા જેવું છે. 'સારા થવું અને સારું કરવું''–આ બે વાત મનુષ્ય જ્યાં ક્યાંય હોય ત્યાં તેણે સતત યાદ રાખવાની છે. સદાચારી જીવન-પ્રભુમય અને પરોપકારી જીવન એ જીવનનું સારતત્ત્વ છે.

મહાત્માજીએ બે ગીતભજન ગાયાં અને પછી સૌએ પ્રણામ કરીને રજા લીધી.

(ક્રમશઃ)

# ધ્યાન સાધના શિબિર

—તંત્રી

પરમ પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજી તેમજ પ. પૂ. માશ્રી સર્વેશ્વરીના સાન્નિધ્યમાં અખિલ ગુજરાતની ધ્યાન સાધના શિબિર તા. ૧૧–૫–૮૨ થી તા. ૧૭–૫–૮૨ શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ વડોદરા તરફથી મહારાજા સયાજીરાવ યુનિવર્સિટી હોસ્ટેલ અને ડી. એન. હોલ ખાતે યોજવામાં આવનાર છે. આ પ્રસંગે પૂ. શ્રી યોગેશ્વરજીનાં જાહેર પ્રવચનો અને પૂ. માશ્રી સર્વેશ્વરીના સાધના વિષે તથા ભજનોના કાર્યક્રમ પણ થશે. આ ધ્યાન શિબિરમાં ભાગ લેવા ઇચ્છતા સાધક ભાઇ બહેનોએ તેઓનાં નામ અને સરનામાં સાધના શિબિર સમિતિના સંયોજક શ્રી. જીતુભાઇ મ. ગાંધીને–૫૫, અરૂણોદય સોસાયટી અલકાપુરી, વડોદરા–૫ ને તા. ૩૦–૪–૮૨ સુધીમાં જણાવી દેવા તેમજ શિબિર અંગેનો પત્ર વ્યવહાર પણ ઉપરના સરનામે કરવો.

### સ્મરણિકાની પ્રસિદ્ધિ

આ પ્રસંગે, વધારાના ખર્ચને પહોંચી વળવા માટે સત્સંગ મંડળ તરફથી એક સ્મરણિકા પણ પ્રસિદ્ધ કરવામાં આવી રહી છે. તેમાં ઉદારતાથી જાહેર ખબર આપવા અગર દાન આપવા સાધનસંપન્ન સાધક ભાઈ બહેનોને ખાસ વિનંતી છે.

જાહેરખબરના દર મુખપૃષ્ઠ ૨, ૩, ૪ અંદરના આખા, અડધા, પા અથવા સ્ટ્રીપના અનુક્રમે રૂા. ૪૦૦–૪૦૦ (છેલ્લા પાનાના) ૫૦૦, ૩૦૦, ૧૫૦, ૭૫, અને ૫૦ છે. આ માટેના પૈસા "શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ–ધ્યાન સાધના શિબિર સમિતિ, વડોદરાનાં નામે A/c payee ચેકથી જીતુભાઈ ગાંધીને, તેમજ જાહેખબરનું મેટર સત્સંગ મંડળના પ્રમુખ શ્રી રમણભાઇ પ્ર. સોની, પ્રમુખ, શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ, લાડવાડા, મહાદેવ પાસે, વડોદરા–૩૯૦૦૧૭ના સરનામે મોકલાવી આપવા વિનંતિ છે.



# એક યાદગાર યાત્રા

નારાયણભાઈ જાની

૧૯૭૬ના નવેમ્બરની આ વાત છે. એ દિવસોમાં મારી પાસે જૂનાગઢ ખાતેની પ્રવાસન કચેરીનો ચાર્જ પણ હતો. એટલે ખાસ્સા પંદર દિવસ જૂનાગઢ જીલ્લાના વિવિધ પ્રવાસધામોમાં કામગીરી અંગે પ્રવાસ કરવાનું બનતું.

પાંચેક જેટલા પરદેશી પ્રવાસીઓ એ સમય દરમ્યાન આવેલા. તેમની સાથે મારે સાસણ અને સોમનાથ જવાનું થયું.

સાસણનું પ્રાકૃતિક સૌંદર્ય ને એના જંગલ વિસ્તારની નીરવ શાન્તિ–ધમાલિયા જીવનમાંથી આવતા પ્રવાસીઓને સારી રીતે સ્પર્શી જાય છે, તો ભગવાન સોમનાથનું ભવ્ય મંદિર એનું વિશાળ પ્રાંગણ, મંદિરનો નિકટવર્તી સુંદર આસ્માની રંગનો લહેરાતો સમુદ્ર ને નાના બાળકોની જેમ પગલીઓ પાડવાનું ગમે એવો સપાટ રેતાળ સાગર કાંઠો પણ, સમુદ્ર કિનારેથી દૂર વસતા પ્રવાસીઓને એટલોજ ગમી જાય છે. આ પ્રાકૃતિક સૌંદર્યની પાછળ છૂપાયેલું ભગવાન સોમનાથ તેમજ આસપાસનાં તીર્થસ્થળોનું આધ્યાત્મિક વાતાવરણ પણ યોગ્ય અધિકારી જીવોને અસર કરે છે. એટલેજ તો ભારતના દૂરદૂરના ખૂણેથી ભાવિક યાત્રીઓ એના દર્શને આવે છે. વળી કોઈ જીજ્ઞાસુઓને દરેક તીર્થધામના ઉદ્ભવની પાછળ રહેલો ઇતિહાસ પણ કોઇ જાણકાર વ્યક્તિ પાસેથી કદીક જાણવા મળી જાય ત્યારે શાંત, સ્થિર સૈકાઓથી મૂક ઊભેલાં લાગતાં એ સ્થળો પાછળ કેવી ચેતનશક્તિ કામ કરી રહી છે, તેની પ્રતીતિ થાય છે.

મારે પણ આવું જ બન્યું.

પરદેશીઓને સોમનાથનું મંદિર તેમજ તેના સુંદર સમુદ્ર-તટ ઉપરનો વિસ્તાર હું બતાવી રહ્યો હતો, ત્યારે એક ભાઇ મારી પાસે આવ્યા. એમણે પરિચય આપ્યો "હું આ ટ્રસ્ટ-માં કામ કરું છું. મારૂં નામ શ્રી કુન્દનભાઈ ભટ્ટ"

મેં આભાર માની મારો પરિચય આપી, એમને પરદેશી મહેમાનોની ઓળખાણ કરાવી. એમાંના બે જર્મનીમાંથી આવતા હતા, જ્યારે ત્રણ ઈટાલીના વતની હતા.

શ્રી. ભટ્ટ સાહેબે મહેમાનોને સોમનાથનો ઇતિહાસ વિગતવાર સમજાવ્યો ને એ સ્થળ કેટલું પ્રાચીન છે, વગેરે વાતો કરી.

મહેમાનો તો તે દિવસે ગયા, પણ શ્રી. કુન્દનભાઈને મારે બીજા દિવસે મળવાનું થયું. તે પ્રસંગે, પ્રભાસ પાટણના મંદિરના નજીકનાં જે તીર્થો છે-જેવાં કે, ભાલકા તીર્થ, ત્રિવેણી સંગમ, દેહોત્સર્ગ, મહાપ્રભુજીની બેઠક, તેમજ ભગ-વાન પરશુરામની તપસ્યાભુમિ વિષે વાતો નીકળી. એમાંની એ વાતો મને ખૂબ આકર્ષી ગઇ.

ભગવાન સોમનાથના મંદિરના પ્રાંગણમાં વચ્ચે એક હનુમાનજીનું નાનું મંદિર છે. આ મંદિરમાં જે હનુમાનજી-ની પ્રતિમા છે, તે ચમત્કારી છે. એટલા માટે એનું સ્થાન ત્યાંજ રહેવા દીધું છે; જીર્ણોધ્ધાર વખતે પણ એમાં કોઇ ફેર-ફાર કરાયો નથી.

એ પ્રતિમા સંબધે તેમણે કહ્યું, "એની છેડછાડ કરનાર એક વ્યક્તિએ-ચપ્પુ વડે એમની આંખો ઉચકાવી નાખેલી. એ વ્યક્તિ આજે પણ પાગલ હાલતમાં હયાત છે. અને માત્ર એટલું જ બોલે છે-'હનુમાનજીકો કભી મત સતાના'-સાવ સામાન્ય લાગતા હનુમાનજીના એ સ્થાનમાં થોડાં વર્ષો પહેલાં



કેટલાક તોફાની છોકરાઓએ ઘાસ લાવી આગ ચાંપેલી. સિંદૂર ને તેલ ચર્ચિત પ્રતિમા ઘાસના ધૂમાડા ને આગથી સાવ કાળી પડી ગઈ! લોકોને જ્યારે આની જાણ થઈ ત્યારે એમણે ફરી હનુમાનજીની મૂર્તિને સાફ કરી સિંદૂર તેલથી મર્દન કર્યું. પરંતુ તે પછી થોડા જ વખતમાં વેરાવળ બંદરમાં લાગેલ આગમાં આ તોફાનમાં સંડોવાયેલ મનાતા બધા જ છોકરા-ઓ ભડથુ થઈ ગયા! એકદમ અરેરાટી ઉપજાવે એવું દશ્ય હતું! એમનાં શબો પણ હનુમાનજીની મૂર્તિ જેવાં સાવ કાળાં પડી ગયાં હતાં. કેવો જોગાનુજોગ!

શ્રી કુન્દનભાઇના ઘરેથી નીકળતાં, સહજ રીતે મારા પગ હનુમાનજીની એ દેરી તરફ વળ્યા. પોતાની આગવી ચૈતન્ય શક્તિથી પોતાનો પ્રભાવ ફેલાવતી એ શાંત મૂર્તિને મેં ખૂબ ભાવપૂર્વક પ્રણામ કર્યા.

જે બીજા તીર્થની વાત હતી તે ભગવાન પરશુરામની તપસ્યાભૂમિની. ત્રિવેણી સંગમ પાસેજ એ જગા આવેલી છે. મુખ્ય રસ્તા ઉપર શ્રી પરશુરામ ભગવાનનું સ્થળ દર્શાવતો- સુંદર કમાનયુક્ત દરવાજો છે. એના જીર્ણોદ્ધારની વાત કરતાં શ્રી. કુન્દનભાઇએ કહ્યું, "ભગવાન સોમનાથના જીર્ણોધ્ધારનું કામ ચાલતું હતું ત્યારે મુંબઇથી એક અજાણ્યા ધનાઢ્ય સોમનાથ ભગવાનના દર્શને આવ્યા. એમણે સોમનાથના જીર્ણોધ્ધારની વાતો વિગતે સાંભળ્યા પછી ધીરેથી પુછ્યું." અહીં કોઇ ભગવાન પરશુરામની જગા છે?

'હાજી, છે. ત્રિવેણી સંગમ પાસે."

"તો એનો જીર્ણોધ્ધાર કરવાનું આપ વિચારતા નથી?"

"અમે એ વિષે વિચાર્યું છે. પરંતુ હાલ ફંડ પૂરતું નથી. એટલે ભગવાન સોમનાથના મૂળસ્થાનનો જીર્ણોધ્ધાર પૂરો થઈ જાય, પછી તે કામ હાથ પર લેશું."

એમણે એ સ્થાન જોવાની ઇચ્છા દર્શાવી. એટલે અમે એમને ત્યાં જોવા લઈ ગયા, તેમજ તેના જીર્ણોધ્ધારમાં કેટલો ખર્ચ થશે, વગેરે વાતો કરી.

એમણે આ સ્થાનના જીર્ણોધ્ધારનો ખર્ચ પોતા તરફથી આપવાની વાત કરી. અમને એમની વાત સાંભળી ભારે આશ્ચર્ય થયું! કારણકે તે ભાઇ જૈન હતા અને આ જીર્ણોધ્ધારમાં કેટલાક લાખનો ખર્ચ થવાનો અંદાજ હતો!

પાછળથી જાણવા મળ્યું કે ભગવાન પરશુરામે એ ભાઇને સ્વપ્નમાં દર્શન આપી આદેશ આપ્યો હતો. ને આ જીર્ણોધ્ધાર કરવા જણાવેલ. એથી પ્રેરાઈને જ તેઓ સોમનાથ આવેલા.

અમે એ સ્થળ જોવા બીજે દિવસે ગયા. ખૂબ શાંત લાગતા એ સ્થાનમાં પગથિયાં સાથે બાંધેલા પાણીના કુંડો છે ને શિવાલયો. નજીકમાં પૂજારીને રહેવાની સુવિધાવાળું નાનું મકાન છે. જલેશ્વર ને સ્થલેશ્વરનાં આ મંદિરોમાં ભગવાન શંકરનાં લિંગ છે. કુંડોમાં સરસ મીઠું પાણી હતું અમે એનું આચમન લીધું.

ત્યાં તો પૂજારીના આવાસમાંથી એક ભાઇએ બહાર આવી અમારૂં સ્વાગત કર્યું.

તેઓ પ્રૌઢાવસ્થા વટાવી ગયેલા પુરુષ હતા. ઉમ્મર ૬૫ વર્ષની આસપાસ લાગી. શરીર ઘઉવર્ણું ને મધ્યમ ભરાવદાર બાંધો, આંખો તેજસ્વી ને ભાલ ઉપર સંધ્યાની ભસ્મનું ત્રિપુંડ. તેઓએ ટૂંકું ધોતિયું પહેર્યું હતું. અમે એમને પ્રણામ કર્યાં.

તે ભાઇનું નામ તો હું ભૂલી ગયો છું, પણ એમની અટક જાની હતી. એ યાદ છે. તેઓ જૂના જમાનાના સુશિક્ષિત સ્નાતક હતા; ને ઘણાં વર્ષોસુધી નાગપુર તરફ રહીને, પોતાની વાનપ્રસ્થ અવસ્થા ભગવાન શંકરની પૂજા વગેરેમાં ગાળવા અહીં રહેતા હતા. એમનો આ પરિચય મારી સાથે આવેલ



ભાઈએ પ્રેમપૂર્વક આપ્યો.

મેં તેઓશ્રીને પૂછ્યું? "આપ અહીં કેટલા વખતથી રહો છો? રસોઇ હાથેજ બનાવો છો?

"આ સ્થાન થયું ત્યારથી અહીં રહું છું. એકલોજ છું ને હાથે રસોઇ બનાવી લઉં છું–બાકી મારો સમય સ્વાધ્યાય, ભગવાનની પૂજા, ધ્યાન જપાદિમાં સારી રીતે પસાર થાય છે.

એમની આ વાત સાંભળી મારાથી સાહજીક રીતે પૂછાઈ ગયું કે "આપને કદી ભગવાન પરશુરામનાં દર્શન અહીં થયાં છે ખરાં?"

મારો આ પ્રશ્ન એમને માટે અણધાર્યો ને અકલ્પ્ય હતો. એમની આંખો એકદમ વિસ્ફારિત થઇ ગઈ અને એમણે તુરત મને સામો પ્રશ્ન કર્યો, "તમને આ પ્રશ્ન કેમ સ્ફુર્યો?"

મેં કહ્યું "જો ભગવાન પરશુરામે અહીં વર્ષો સુધી સાધના કરી હોય અને જે સપ્ત ચિરંજીવીઓ ભારતમાં મનાય છે, તેમાંના એક શ્રી ભગવાન પરશુરામ છે. તો પોતે વર્ષો સુધી સાધના કરેલી ભૂમિ પ્રત્યે એમને સાહજીક ખેંચાણ ન રહે શું?"

મારી વાત એમને ગળે ઉતરી ગઈ. એટલે એમણે ધીરેથી ભાવસભર સ્વરથી કહ્યું, "ભાઈ, મારા આટલા બધા વર્ષોના વસવાટમાં કોઇએ મને આ પ્રશ્ન પૂછયો નથી. તમે આવી જીજ્ઞાસા બતાવનાર પહેલાજ છો. એટલે તમને કહું "આટલાં વર્ષોમાં ફક્ત બે વાર મને ભગવાન પરશુરામનાં દર્શન થયાં છે."

મારી જીજ્ઞાસા ન દબાવી શકવાથી મારાથી પૂછાઇ ગયું. "આપને વાંધો ન હોય તો અમને એ દર્શન વિષે વિસ્તારથી કહો તો આનંદ થશે."

એ ભાઈ થોડે આગળ ચાલી અમને જલેશ્વર મહાદેવના કુંડ પાસે લઇ ગયા. ને કહ્યું "એકવાર મને ભગવાન પરશુરામનાં દર્શન મધ્યરાત્રિ પછી અહીં થયેલાં. તેઓ કુંડના છેક છેલ્લા પગથિયે વાંકા વળી હસ્ત-પાદ પ્રક્ષાલન કરી રહ્યા હતા. મને એમનું દર્શન થતાં જ ખૂબ આનંદ થઈ ગયો. તેઓએ ધીરેથી એક હાથમાં પરશુ લઇ, બીજો હાથ આશીષ-યુક્ત મુદ્રામાં ઊંચો કર્યો. ને મારું દેહભાન ચાલ્યું ગયું. જ્યારે મને ભાન આવ્યું ત્યારે તેઓ ત્યાં ન હતા. ને મારૂં માથું ભૂમિને અડીને પ્રણામ કરી રહ્યું હતું; એ સ્થિતિમાંજ હતું. મને લાગ્યું કે એમની કૃપાથી જ મને એ દર્શન પ્રાપ્ત થયું હતું."

"એમના મસ્તક ઉપર જટા ઊભી બાંધેલી હતી અને હાથ લાંબા ને માંસલ હતા. એક હાથમાં પરશુ ને કમ્મરે વ્યાઘ્રચર્મ હતું. પગ ખુલ્લા હતા. શરીર ભરાવદાર, મુખ શાંત ને આંખો એકદમ તેજસ્વી. એમનામાં તપ ને શૌર્યનો અદ્‌ભૂત સમન્વય જણાતો હતો."

આ સાંભળી અમને ખૂબ આનંદ થયો. મારાથી સહજભાવે એ ભાઇના ચરણોમાં પ્રણામ થઇ ગયા. મેં કહ્યું, "આપ ખરેખર ભાગ્યશાળી છો. પ્રભુનું દર્શન પામી આપનાં નેત્રો કૃતાર્થ થયેલ છે. એ રીતે આપ અમારા માટે વંદનીય છો."

મારી આ વાત સાંભળી એમને ભારે સંકોચ થયો. એમણે નમ્ર ભાવે પોતાની યોગ્યતા ન હોવાનું જણાવ્યું, ને પછી ઉમેર્યું "મને બીજી વાર એમનું દર્શન-મંદિરના અંદરના ભાગમાં તેઓ ભગવાન શંકરનું પૂજન કરી રહ્યા હતા, ત્યારે થયું હતું"

"બન્યું એવું કે મધ્યરાત્રિએ અચાનક મંદિરમાં ઘંટનો અવાજ સાંભળતાં હું જાગી ગયો, ને મારા આવાસમાંથી



બહાર નીકળી ઘંટારવની દિશામાં ગયો. તો ભગવાન પરશુરામ જલપાત્રથી ભગવાન શંકર ઉપર અભિષેકનો પ્રારંભ કરી રહ્યા હતા. ફરીવાર એમનું દર્શન થતાં મારી આંખો ધન્ય બની ગઈ." પરંતુ આ વખતે તેઓ મંદિરના ગર્ભદ્વાર-માં જ્યાં બેઠા હતા ત્યાં જ ઊભા થઇ તીરોધાન થઇ ગયા. એમની આકૃતિ ઝાંખી થતાં થતાં વાતાવરણમાં સાવ વિલિન થઇ ગઇ. પાંચ સાત મિનિટ મને આ દૃશ્ય દેખાયું, પણ સમગ્ર જીવનના સારરૂપ એવું એ મારા મનમાં કાયમ માટે અંકિત થઇ ગયું.

એમની વાતમાં અમને એટલો બધો રસ પડ્યો કે હૃદય-ઉત્સુક્તા આંખોમાં આવી બેસી ગઇ ને તલ્લીનતા જાણે કાન ધરીને સાંભળી રહી. આધ્યાત્મિક અનુભવની એ અદ્‌ભુત વાત ઘડીભર સમગ્ર વાતાવરણમાં છાઇ ગઈ ને એની શાંતિનો ભંગ કરવાનું મન ન થયું.

થોડીવાર પછી અમે સાથે મંદિરમાં દર્શને ગયા. તો એમણે અમને બે લાદીઓ-દિવાલ પાસે ટેકવીને મૂકેલી બતાવી. એના ઉપર ચંદન લગાડી પૂજા કરેલી હતી. પરંતુ એમાં મનુષ્યનાં પગલાંની ઝાંખી આકૃતિઓ જણાતી હતી.

મેં આથી એમને પૂછ્યું, "આ શું કોઇનાં પગલાં છે?" એમણે કહ્યું, "હા. તમે શ્રી ગજાનન મહારાજનું નામ સાંભળ્યું છે?" મે કહ્યું, "હા. મેં એમનો ફોટો પણ જોયો છે."

'બસ તો આ પગલાં એ મહાપુરુષનાં છે' તેઓ થોડા મહિનાઓ પહેલા અહીં આવ્યા હતા. ત્યારે આ સ્થાનમાં તેઓ ભાવવિભોર બની સમાધિસ્થ થઈ ગયા. તેઓ જે લાદી ઉપર ઊભેલા હતા, તેના ઉપર એમનાં ચરણો અંકિત થઈ ગયેલાં અમને બીજે દિવસે જણાયાં. એટલે અમે એ લાદીઓ ઉખેડી

( અનુસંધાન પાના ૪૧ ઉપર )

# "પંચતત્ત્વકી પૂંજી"

ભૂપતરાય મો. ઠાકર 'ઉપાસક'

માનવ દેહ અને સમગ્ર જીવસૃષ્ટિ 'પંચતત્ત્વ' ની પૂંજી છે. પાંચ તત્ત્વોનો જીવંત સંપૂટ છે. પાંચ તત્ત્વો જ જીવનનું રહસ્ય છે. પંચ તત્ત્વ જીંદગીનું રસાયણ છે. માણસની તમામ પ્રવૃત્તિ પ્રકૃતિનાં તત્ત્વો પર આધારિત છે. માનવ જેના પર નિર્ભર છે તે પાંચ તત્ત્વોને ઓળખીએ.

અગ્નિ તત્ત્વ જીવનનું મહત્ત્વનું બીજ છે. જઠરાગ્નિમાં 'સ્વાહા' થતા અન્નનું લોહી બનાવી શરીરમાં શક્તિ અને સૌંદર્ય, તેજ અને સ્ફૂર્તિને જાળવી રાખે છે. આયુષ્યનો આંક સાચવે છે. સતીઓના પગના અંગૂઠે આ અગ્નિ તત્ત્વ બિરાજે છે. જઠરાગ્નિની ચિનગારી જ આત્માના પ્રકાશને, આંખોની રોશનીને જાળવે છે. અગ્નિતત્ત્વ ઘણું ઉપકારી તત્ત્વ છે જ.

વાયુતત્ત્વ ફેફસાને ધબકતા રાખે છે. શ્વાસના ઝૂલતા હિંડોળા પર જીવનના બેસણા છે. જીંદગીનો વિશ્વાસ જ શ્વાસ છે. શરીર મહેલમાં હવા ઉજાશ ન હોય તો આત્મા અંધકારમાં ગુંગળાય છે—અકળાય છે. વાયુ દેહના દેવને વિંઝણો નાખે છે. વાયુ તત્ત્વ સુક્ષ્મ છે નરી આંખે ન દેખાતા આ દેવનો ઉપકાર અને આભાર ઓછા નથી. હવા જ દવા છે.

જલ તત્ત્વ શરીરને ભીનું ભીનું રાખે છે. પૃથ્વી પર પોણા ભાગનું પાણી છે તો શરીરમાં પણ પોણા ભાગનું પાણી છે. પાણી છે તો જીવન છે–શક્તિ છે–બળ છે. લોહીને વહેતું રાખનાર પાણી ન હોય તો ? શરીરની રસાયણ ક્રિયાનું મહત્ત્વનું તત્ત્વ પાણી છે. શરીરની ચમક અને સુંવાળપ



પાણીના પ્રતાપે જળવાય રહે છે.

પૃથ્વી તત્ત્વ તો જીંદગીનું પારણું છે. 'શેરમાટી' નો પિંડ એટલે માનવ દેહ. શરીરના ઘડતરમાં માટીની મહેક છે. શરીર માટીની મિરાત છે. પંચત્વ થવું એટલે માટીમાં મળી જવું. માટીનો ઘડાયેલો ઘડો જ જીવનનું અમૃત ભરી રાખે છે. પૃથ્વીતત્ત્વ શરીરનું બંધારણ તત્ત્વ છે.

આકાશતત્ત્વની વિશાળતા માનવ શરીરમાં સચવાયેલી છે. સમાયેલી છે. હાડપિંજરના માળખામાં, પોલાણમાં આકાશની ગહનતા છે. ગગનનું ગૂઢત્વ છે. સમગ્ર સંચાની ચાવી રૂપ આકાશ તત્ત્વ પડેલું છે. અવકાશી ઓજસ્ આંખોમાં પ્રગટે છે. પાંચ તત્ત્વનું આખું શરીર એક આખું આભ બનીને ફેલાયેલું છે

આ પાંચ તત્ત્વોના અશ્વારોહી રથ પર આત્માનો દેવ બિરાજે છે. 'આત્મ તત્ત્વ ચિન્યો નહીં ત્યાં સુધી સાધના સર્વ જુઠ્ઠી' કહ્યું છે. આત્માને ઓળખ્યા વિના લખ ચોરાસી નહીં મટે' નો સંદેશો પાઠવ્યો છે. આત્મા જ પરમાત્મા છે. આત્માના નિવાસ સિવાય પાંચ તત્ત્વના ખાલી મહેલની શું કિંમત ?

ટચૂકડા માનવ દેહના ભંડારને વિજ્ઞાન ફંફોસે છે. દૂધમાંથી લોહી અને લોહીમાંથી દૂધ બનાવતા આ યંત્રની જાણકારી કઠિન છે. 'કોણે બનાવ્યો આ ચરખો ?' પૂછીને માણસે પોતાના જ્ઞાનની સીમા બાંધી છે.

જીવનના ધબકારનો આભાર—

# શ્રીરામકૃષ્ણનો ભક્તપ્રેમ.

શ્રી. યશસ્વીભાઈ ય. મહેતા.

દક્ષિણેશ્વરના મંદિરમાં કીર્તનકાર આવ્યા છે. શ્રીરામકૃષ્ણના ઓરડામાં મા કાલીનું કીર્તન થઇ રહ્યું છે. ઠાકુર દેવી-ભાવના સરોવરમાં આનંદ વિભોર બની માછલીની જેમ તરી રહ્યા છે.

ઓરડો ખીચોખીચ ભક્તોથી ભર્યો છે. અંદર હવે કોઇ આવીને બેસી શકે તેટલી જગ્યા નથી.

૯મી નવેમ્બર ૧૮૮૪. આસોવદ સાતમનો ધન્ય દિવસ છે.

અચાનક ઠાકુર ઊભા થઇ ગયા. આવું કદિ બનતું નથી. કીર્તનની વચ્ચેથી ઠાકુર કદિ ઊભા થતા નથી. ભક્તો આશ્ચર્ય ચકિત થઈને જુએ છે.

કીર્તન ચાલુ છે.

એક કિશોર ભક્ત થાકીપાકીને લોતપોત થઇને હમણાં જ આવ્યો છે. ઓરડાની અંદર ઠાકુર પાસે જવાની જગ્યા નથી, અને બધાની વચ્ચે થઇને જવાની હિંમત પણ નથી. આ કિશોર ભક્તને કોઇએ જોયો નથી.

પણ ઠાકુર અંતર્યામી. તેને ખબર છે કે કિશોરભક્ત નારાયણ બહુ કષ્ટ વેઠીને ઠેઠ કલકત્તાથી ચાલતો ચાલતો તેમનાં દર્શન કરવા, તેમને મળવા માટે આવી પહોંચ્યો છે.

કોઇને ખબર નથી. પણ ઠાકુર બધું જાણે છે; બહાર આવીને કિશોરભક્ત નારાયણને માથે હાથ મૂકે છે. નારાયણ નીચે ઝૂકીને તેમનાં શ્રીચરણો પકડી લે છે.

તેની આંખમાં આંસુ છે. તેના મ્હોં ઉપર આંગળાંની



સોળ ઊઠેલી છે. તેનું મ્હોં લાલચોળ બની ગયું છે. શરીર પરસેવાથી તરબોળ છે.

કિશોર ભક્ત નારાયણને ઉભો કરીને પ્રેમથી ઠાકુર તેની હડપચી પકડી તેના નતમસ્તકને ઉન્નત કરે છે.

પછી હાથ પકડીને બાજુમાં લઇ જાય છે. પોતાના હાથે પાણી ભરીને ભક્તને પાણી પાય છે ને સ્નેહથી પૂછે છે.

કીર્તન ચાલુ છે.

"તું શા માટે આવ્યો? તારાં ઘરનાં માણસોને તું અહીં આવે તે ગમે નહિ. તને આટલો માર્યો તો ય કેમ આવ્યો?"

કિશોરભક્ત કાંઇ જવાબ આપતો નથી. તેની આંખોમાં આંસું છે પણ સાથે મ્હોં ઉપર સ્મિત છે.

જવાબમાં કેવળ ઠાકુરના દિવ્ય આનંદથી છલકાતા પ્રેમાળ મુખની સામે એકીટશે જોઇ જ રહે છે. મૌનમાં જ તેનો જવાબ છે. બસ! તે ઠાકુરનાં મુખનાં દર્શન કરવા જ આવે છે.

તેને પડતા મારની કોઇ વિસાત નથી. કલકત્તા ને દક્ષિણેશ્વર વચ્ચે લાંબુ કંટાળાજનક અંતર તેના પગને નડતું નથી. તે ઠાકુરને ચાહે છે.

ઠાકુરે નારાયણનો હાથ પોતાના હાથમાં લીધો. ને પોતાની સાથે ઓરડામાં લઇને અંદર ગયા.

પોતે બેઠા ને પાસે જ નારાયણને બેસાડ્યો છે.

કીર્તન ચાલુ છે.

# શ્રીમદ્ રાજચંદ્ર

[ગતાંકથી ચાલુ]

મહાત્મા ગાંધીજી

શ્રી. રાયચંદભાઇના ધર્મનો વિચાર આપણે કરીએ તેના પહેલાં ધર્મનું સ્વરૂપ જે તેમણે આલેખ્યું હતું તે જોઇ જવું જોઇએ.

ધર્મ એટલે અમુક મતમતાંતર નહિ. ધર્મ એટલે શાસ્ત્રોને નામે ઓળખાતાં પુસ્તકોને વાંચી જવાં કે ગોખી જવાં અથવા તેમાં કહેલું બધું માનવું જ એ પણ નહિ.

ધર્મ એ આત્માનો ગુણ છે. અને માનવજાતિને વિષે દશ્ય કે અદશ્ય રૂપે રહેલો છે. ધર્મવડે આપણે મનુષ્યજીવનનું કર્તવ્ય જાણી શકીએ છીએ. ધર્મ વડે આપણે બીજા જીવો પ્રત્યેનો આપણો ખરો સંબંધ ઓળખી શકીએ. આ બધું જ્યાં સુધી આપણે પોતાને ન ઓળખીએ ત્યાં સુધી ન જ બની શકે એ તો દેખીતું છે. તેથી ધર્મ એટલે જે વડે આપણે પોતાને ઓળખી શકીએ તે સાધન.

આ સાધન આપણે જ્યાંથી મળે ત્યાંથી લઇએ. પછી તે ભારતવર્ષમાં મળો કે યુરોપથી આવો કે અરબસ્તાનથી. આ સાધનોનું સામાન્ય સ્વરૂપ બધાં ધર્મશાસ્ત્રોમાં એક જ છે એમ જેમણે જુદાં જુદાં શાસ્ત્રોનો અભ્યાસ કર્યો છે તે કહી શકશે. અસત્ય બોલવું કે આચરવું એમ કોઇ શાસ્ત્ર નથી કહેતું. હિંસા કરવી એમ પણ કોઇ શાસ્ત્ર નથી કહેતું. સર્વ શાસ્ત્રોનું દોહન કરતાં શંકરાચાર્યે ब्रह्म सत्यं जगन्मिथ्या કહ્યું. કુરાને શરીફે તેને બીજી રીતે ઇશ્વર એક છે ને તે જ



છે, તેના વિના બીજું કશું નથી એમ કહ્યું. બાઇબલે કહ્યું "હું ને મારો પિતા એક જ છીએ" એ બધાં એક જ વસ્તુના રૂપાંતર છે. પણ આ એક જ સત્યને ખીલવવામાં અપૂર્ણ મનુષ્યોએ પોતાનાં જુદાં જુદાં દષ્ટિબિંદુ વાપરી આપણે સારુ મોહજાળ રચી છે, તેમાંથી આપણે નીકળવું રહ્યું છે. આપણે અપૂર્ણ તે આપણાથી ઓછા અપૂર્ણની મદદ લઇ આગળ જઇએ છીએ અને છેવટે કેમ જાણે અમુક હદ લગી જતાં આગળ રસ્તો જ નથી એમ માનીએ છીએ. હકીકતમાં એવું કાંઇ જ નથી. અમુક હદ પછી શાસ્ત્રો મદદ નથી કરતાં, અનુભવ મદદ કરે છે. તેથી રાયચંદભાઇએ ગાયું છેઃ—

> જે પદ શ્રીસર્વજ્ઞે દીઠું જ્ઞાનમાં,
> કહી શકયા નહિ તે પણ શ્રી ભગવંત જો;
> એહ પરમ પદ પ્રાપ્તિનું કર્યું ધ્યાન મેં,
> ગજા વગર પણ હાલ મનોરથ રૂપ જો—

એટલે છેવટે તો આત્માને મોક્ષ દેનાર આત્મા જ છે.

આ શુધ્ધ સત્યનું નિરૂપણ રાયચંદભાઇએ ઘણી રીતે પોતાનાં લખાણોમાં કર્યું છે. રાયચંદભાઇએ ઘણાં ધર્મ પુસ્તકોનો સરસ અભ્યાસ કર્યો હતો. તેમને સંસ્કૃત અને માગધી ભાષા સમજતાં જરાયે મુશ્કેલી નહોતી આવતી. વેદાંતનો અભ્યાસ તેમણે કરેલો, તેમજ ભાગવતનો અને ગીતાજીનો. જૈન પુસ્તકો તો જેટલાં તેમને હાથ આવતાં તે વાંચી જતા. તેમની તે ગ્રહણ કરવાની શક્તિ અગાધ હતી. એક વખતનું વાંચન તે તે પુસ્તકનું રહસ્ય જાણી લેવાને સારું તેમને પૂરતું હતું. કુરાન, ઝંદ અવસ્તા ઇત્યાદિનું વાંચન પણ અનુવાદો મારફતે તેમણે કરી લીધું હતું.

તેમનો પક્ષપાત જૈન દર્શન તરફ હતો એમ મને લાગ્યું છે. તેમની માન્યતા હતી કે જિનાગમમાં આત્મજ્ઞાનની પરાકાષ્ઠા છે. આ તેમનો અભિપ્રાય મારે આપી જવો આવશ્યક છે. તેને વિષે હું મત આપવા મને તદ્દન અનધિકારી ગણું છું.

પણ રાયચંદભાઇને બીજા ધર્મ પ્રત્યે અનાદર ન હતો. વેદાંત પ્રત્યે પક્ષપાત પણ હતો. વેદાંતીને તો કવિ વેદાંતી જ જણાય. મારી સાથે ચર્ચા કરતાં મને કોઈ દિવસે તેમણે એવું તો કહ્યું જ નહિ કે મારે મોક્ષ મેળવવા સારૂ અમુક ધર્મને અવલંબવો જોઈએ. મારો આચાર વિચારવાનું જ તેમણે મને કહ્યું. પુસ્તકો કયાં વાંચવાં એ પ્રશ્ન ઉઠતાં મારૂં વલણ ને મારા બચપણના સંસ્કાર વિચારી તેમણે મને ગીતાજી વાંચતો તેમાં ઉત્તેજન આપેલું, અને બીજા પુસ્તકો-માં પંચીકરણ, મણિરત્નમાલા, યોગવાસિષ્ઠનું વૈરાગ્યપ્રકરણ, કાવ્યદોહન પહેલો ભાગ, અને પોતાની 'મોક્ષમાળા' વાંચવા-નું સૂચવ્યું હતું.

રાયચંદભાઇ ઘણીવાર કહેતા કે જુદા જુદા ધર્મ એ તો વાડાઓ છે, તેમાં મનુષ્ય પુરાઇ જાય છે. જેણે મોક્ષ મેળવવો એ જ પુરુષાર્થ માન્યો છે તેને કોઈ ધર્મનું તિલક પોતાને કપાળે લગાડવાની આવશ્યકતા નથી.

સૂતર આવે ત્યમ તું રહે,
જયમ ત્યમ કરીને હરિને લહે.

એ જેમ અખાનું તેમ રાયચંદભાઈનું પણ સૂત્ર હતું. ધર્મના ઝઘડાથી તેમને હંમેશાં કંટાળો આવતો. તેમાં ભાગ્યે જ પડતા. બધા ધર્મોની ખૂબીઓ પૂરી જોઈ જતા. ને તે તે ધર્મીની પાસે મૂકતા, દક્ષિણ આફ્રિકાના મારા પત્રવ્યવહાર-



માં પણ મેં તેમની પાસેથી એ જ વસ્તુ મેળવી હતી.

હું પોતે એમ માનનારો છું કે સર્વ ધર્મ તે તે ભક્તો-ની દૃષ્ટિએ સંપૂર્ણ જ છે. તે સર્વ ધર્મ અન્યની દૃષ્ટિએ અપૂર્ણ છે. સ્વતંત્રરીતે વિચારતાં સર્વ ધર્મ પૂર્ણાપૂર્ણ છે. અમુક હદ પછી બધાં શાસ્ત્રો બંધનરૂપે લાગે છે, પણ એ તો ગુણાતીતની સ્થિતિ થઇ. રાયચંદભાઈની દૃષ્ટિએ તો કોઇને પોતાનો ધર્મ છોડવાની આવશ્યકતા નથી; સહુ પોતાના ધર્મમાં રહી પોતાની સ્વતંત્રતા એટલે મોક્ષ મેળવી શકે છે. કેમકે મોક્ષ મેળવવો એટલે સર્વાંશે રાગદ્વેષ રહિત થવું.

(સંપૂર્ણ)

પરમાત્માના દર્શન કેમ ઓછા માણસને થાય છે તેનું કારણ વિશુદ્ધસત્ત્વ, સદાચાર, સંપ્રદાયરહિતપણું, અને અતૂટ શ્રદ્ધાભક્તિ જેવી યોગ્યતાઓ સાધકોમાં ઓછી હોય છે.

શ્રી યોગેશ્વર

કનેરીયા એન્જીનીયરીંગ વર્કર્સ

શાંતિભાઇ કનેરીયા

ઓઇલ એન્જીનના ઉત્પાદકો

ઢેબર રોડ, રાજકોટ—૩૬૦૦૦૧

ફોન. નં. ઘર : ૨૮૨૧૪ ઓફિસ : ૨૫૯૭૧

# 'પ્રાર્થનાનો પ્રત્યુત્તર'

સાધુ પ્રીતમપ્રસાદદાસ

જૂનાગઢની આજુબાજુનો ગીરપ્રદેશ. ત્યાં નાગર બ્રાહ્મણોની વસ્તી વધારે. વિપ્ર શિવશંકર ત્યાં ઘોઘલા પાસેના ગામમાં જાણીતા ભક્ત હતા. જ્ઞાતિએ કરીને બ્રાહ્મણ, એટલે પાઠ પૂજામાં પૂરા હતા. ધ્યાનનું અંગ હતું, ધર્મમાં શ્રદ્ધા હતી. એવામાં સાચા સંત ગુણાતીતાનંદજીનો સમાગમ મળ્યો. ગુણાતીતાનંદ જૂનાગઢ સ્વામિનારાયણ મંદિરના મહંત હતા. તેમના દર્શને તેમજ સમાગમ કરવા દૂર દૂરથી મુમુક્ષુઓ આવતા. અન્ય મંદિરોના સંતો મહંતો પણ આવતા. કથામૃતનું પાન કરીને જીવનનું ભાતું બાંધી જતા.

શિવશંકર સત્સંગી થયા. વ્રત-નિયમમાં દૃઢ થયા. એમના મનમાં ઊંડે ઊંડે હતું કે, સાચા સંતના દર્શન બહુ દુર્લભ છે. એવા સંત મને ઓળખાયા છે તો તેનો લાભ બીજાને પણ કેમ ન આપવો ? એ વિચારમાં તેઓ સતત પ્રવૃત્ત રહેતા. બાપદાદાની ખેતી હતી તે નોકરો દ્વારા કરાવતા. તેમને પણ વ્રત-નિયમો પળાવતા. મંદિરે દર્શન કરવા લઇ જતા. નવાઈ એ હતી કે રસ્તામાં કોઇ શિવપંથી મળે તો તેને પણ ' જય સ્વામિનારાયણ ' કહેતા.

કેટલાકને એ ગમતું નહિ. પણ શું કરે ? કેટલાક કહે " આ શિવશંકરનું ભારે દુઃખ છે. પોતે એવી પરંપરા ચાલુ કરે છે કે, બીજાને પણ એમ કરવું પડે. પહોંચાય નહિ તોયે લાંબા થવું પડે, નવાધર્મની પૂંછડી ઝાલીને બેઠા છે તે જોઈશું. હવે ક્યાં સુધી એમાં ટકી રહે છે ? ' પણ એમને



ક્યાં ખબર હતી કે સત્પુરુષના સમાગમમાં આવ્યા પછી ઊંચ-નીચના ભેદ ટળી જાય છે. બ્રહ્મરૂપ થઇને પરબ્રહ્મને ભજવાની ચાવી આવા સંત પાસેથી મળે છે. એ પ્રકારનું જ્ઞાન ન હોવાથી તેઓ તેમના પ્રત્યે અસુયા રાખતા. દ્વેષ પણ કરતા.

પરંતુ શિવશંકર આત્મકલ્યાણના યાત્રી હતા. સ્વભાવ પણ સ્વતંત્ર. કોઈના ગાંજ્યા જાય નહિ. સાચું લાગે ત્યાં વળગી રહે. 'દેહ નાશવંત છે, વારંવાર મનુષ્યદેહ મળતો નથી. માટે મોક્ષનો ઉપાય કરી લેવો.' વગેરે વાત સ્વામીએ તેમને કરેલી. તેથી અખંડ જાણપણારૂપ દરવાજે તેઓ રહેતા.

એક વખત શિવાલયની નજીક ઘણા માણસો ભેગા થયા હતા. ઉત્સવનો દિવસ હતો. શિવભક્તો એમની રીત પ્રમાણે ભાંગ, ગાંજો ઘમાવી રહ્યા હતા. વિપ્ર શિવશંકર શિવાલયમાં દર્શન કરીને બહાર નીકળ્યા. કોઈકે ભાંગની પ્યાલી તેમના સામે ધરી. શિવશંકર હાથ જોડીને ચાલતા થયા. રસ્તા પર નોકરે ઘોડી તૈયાર રાખી હતી. તેઓ તેના પર સવાર થયા અને ઉપડ્યા જૂનાગઢ. સ્વામી ગુણાતીતાનંદજીનાં દર્શને. રસ્તામાં કેટલાક ભક્તો મળતા. તેમની સાથે પ્રેમથી વાતો કરતા. જવાનું મંદિરે હતું સ્વામીને મળવાનું હતું. એમાં વળી રસ્તામાં સ્વામીના સંબંધવાળા ભક્તો મળે તો એમને કેમ ન બોલાવવા ?

ઘોઘલાથી જૂનાગઢ યાત્રાએ નીકળ્યા હતા. ગિરના જંગલોમાંથી પસાર થવું એ સહેલું નહોતું. એટલે તેઓ સાવચેતી રાખીને ઘોડી ચલાવતા હતા. પોતે પગે અપંગ હતા, તેથી ઘોડી ઝડપથી ચાલે તે તેમને ફાવતું નહિ. વળી કેસરી સિંહ તથા દીપડાઓની ગર્જનાથી ભલભલાનાં હૈયાં

દબાઈ જાય. લાંબે અંતરે જંગલમાં થોડી વસ્તી જોવા મળે. લોકો કહેતા : 'અહીં દીપડાઓનો એવો ડર છે કે, ઢોરઢાંખર કે માણસ કોઈ બહાર રહી ગયું હોય તો પરોઢ પામતું નથી.'

શિવશંકર થોડે દૂર ગયા ત્યાં વાઘનો ઘુરકાટ સંભળાયો. તેનું કાળજું ધડક ધડક થવા માંડ્યું. આંખો પહોળી કરીને આમતેમ જોઈ રહ્યા. તેણે વિચાર્યું કે, હવે આગળ વધવાનો અખતરો કરવામાં ભયંકર ખતરો છે. નજીકમાં કાંઈક વધુ અવાજ સંભળાયો, તેથી શિવશંકર ચમક્યા. જંગલી જાનવરના અવાજથી ઘોડી ભડકી. એના અંગે અંગે પરસેવો છૂટી ગયો. ઘોડી બે પગે ઝાડ થઈ, અને શિવશંકરને ફગાવીને ચાલી ગઈ.

શિવશંકરના હાથમાંથી ચોકઠું છૂટી જવાથી નીચે પડી ગયા. ડુંગરાળ પ્રદેશ હોવાથી સારું એવું છોલાયું. પરંતુ આ સમયે દુઃખનું નિવારણ થાય તેમ ન હતું. તેને થયું કે, શું થાય ? દુઃખ પડવાનું હોય ત્યારે ભોંમાંથી ભાલા નીકળે. આ જંગલમાંથી કોઈ જંગલી જાનવર આવશે તો મને મારી નાંખશે. ઘોડીને પણ એનો ભેટો થઈ જશે તો એના પણ એ જ હાલ થવાના. અહીં આપણું કોણ સાંભળે ? કોણ મદદે આવે ?

કહેવાય છે કે, અતિ સંકટસમો આવે ત્યારે જીવ ઉદાર બને છે. પોતાનું પુણ્ય પણ વાપરી નાખવા તૈયાર થાય છે. તારો ખરવાનો હોય તે પહેલાં એનું તેજ એકદમ વધી જાય તેમ માનવીના આત્માનું તેજ ઝળહળી ઊઠે છે. એ વખતે એની પ્રાર્થનામાં ભાવ પૂરાય છે; ને કહેલું પાર પડે છે.



આવા વિપરીત સંજોગોમાં હવે બચી શકાશે નહિ, એમ લાગ્યું ત્યારે એમણે પ્રાર્થનાનો આશ્રય લીધો. જેનાં દર્શને નીકળ્યો છું, તે ગુણાતીતાનંદજીને જ યાદ કરીએ તો કેવું ? શું તે આ બધું નહિ જાણતા હોય ? એમણે પ્રાર્થના કરી, 'અંતવેળાએ હે સ્વામિન્ ! હે દયાળુ ! આ નિર્જન અરણ્યમાં હું અપંગ એકલો પડ્યો છું. ઘોડી પણ ચાલી ગઈ. મારી રક્ષા કરો. આપનાં દર્શને સુખરૂપ અવાય એવી દયા કરો. આપે કૃપા કરી આ મનુષ્ય અવતાર આપ્યો છે. સત્સંગ આપ્યો છે, તો હવે...' કહેતાં તેઓ રડી પડ્યા, એમનું આખું અંગ ઠંડીથી ધ્રુજતું હતું. દાંત કડકડાટ કરતા હતા.

એકાદ ક્ષણમાં તેમને પ્રકાશના પૂંજ વેરતી એક આકૃતિ દેખાઈ. મધુર સુગંધ આવી. એ સુગંધ ફૂલ-ફળની નહોતી. તેમ ધૂપની કે સુગંધીત પદાર્થની નહોતી. શિવશંકરને આશ્ચર્ય થયું. થોડી વારમાં એ આકૃતિ નજીક આવી, એટલે સુગંધમાં શાંતિ ભળી. જોયું તો એ સ્વામી ગુણાતીતાનંદજી હતા. સંયમનું સૌંદર્ય વેરતા એમના નયન પંકજ, કપાળમાં તિલક અને ચાંદલો.

સ્વામીએ તેમને આખે શરીરે હાથ ફેરવ્યો, એટલે એમનું તમામ દર્દ મટી ગયું. આ દિવ્ય દર્શનથી અત્યંત શાંતિ થઈ ગઈ. પછી સ્વામીએ તેમને ઊભા કર્યા. અને કહ્યું, 'ભૂખ્યા થયા હશો. લો, આ પ્રસાદી જમી લ્યો. સામે તમારી ઘોડી ઊભી છે. બેસી જાઓ તેના પર. શાંતિથી જૂનાગઢ દર્શને આવજો.' પ્રસાદી આપી હાથ ઝાલીને સ્વામીશ્રી તેમને ઘોડી પાસે લઈ ગયા. સ્વામીશ્રીનાં આમ અચાનક દર્શન થયાં તેથી તેમને ખૂબ આનંદ થયો. 'આ રસ્તે જૂનાગઢ જજો.' એમ કહી સ્વામીશ્રી અદ્રશ્ય થઈ ગયા. શિવશંકર ઘોડી પર બેઠા.

તેની નજરના જામ છલકાઈ ગયા. પાછું વાળીને જોયું તો સ્વામીશ્રી ન દેખાયા.

સ્વામીશ્રીએ તેમની રક્ષા કરી. ધર્મભાવના સાથે પ્રગટ ભગવાન અને સંત વિશે શ્રદ્ધાનું બીજ તેમની હૃદયભૂમિમાં રોપી દીધું. શિવશંકરને અનુભવ થયો કે પ્રગટ ભગવાન હોય અને તેમનો અનન્ય આશ્રય કર્યો હોય તો તેઓ ગમે તે પ્રકારે રક્ષા કરે જ છે. એમને પ્રાર્થના કરીએ તો જરૂર તેનો પ્રત્યુત્તર આપે છે.

સ્વામીશ્રીનું સ્મરણ કરતાં તેઓ થોડીવારમાં જૂનાગઢ પહોંચી ગયા. ઠાકોરજીનાં દર્શન કરી, ઉતારો કરી સભામંડપમાં આવ્યા. સ્વામીશ્રી સભાભરીને ગાદીતકિયે વિરાજમાન થયા હતા. હાથમાં માળા હતી અને જ્ઞાનામૃત પીરસી રહ્યા હતા.

'આવો, શિવશંકર, બહુ છેટેથી આવ્યા ? રસ્તામાં કાંઈ તકલીફ તો નહોતી પડીને ? અમારી તો ફરજ; એટલે હરિભક્તોને પૂછવું પડે.' સ્વામીશ્રી તેમના સામું જોઇને સમાચાર પૂછી રહ્યા હતા. શિવશંકર ગદ્ગદ થઈ થયા. તેમણે હાથ જોડી કહ્યું : 'સ્વામી ! મા બાપ ! આપે જ મારી રક્ષા કરી, અને બચાવ્યો. નહિ તો આજે હું અને ઘોડી બંને મોતના ક્રૂર પંજામાં હતા. આપે અંતર્યામીપણે મારી વ્યથા જાણી.' સ્વામીશ્રીએ બાજુમાં ઊભેલા બ્રહ્મચારીને કહ્યું. 'આ બ્રાહ્મણ બે દિવસથી ભૂખ્યો છે, માટે તેમને જમાડો. કેટલે દૂરથી મોક્ષનો ખપ લઈને આવ્યા છે; માટે આપણેય તેમનું રાખવું જોઇએ ને ?'

શિવશંકર ઊભા થયા અને સભાજનોને કહેતા ગયા કે, 'આ બેઠા છે તે સામાન્ય નથી. ભગવાનને એમણે અખંડ રાખ્યા છે. અક્ષર બ્રહ્મનો અવતાર છે. ઓળખી લેજો એમને.' સભાજનો આ સાંભળી ખૂબ આનંદિત થયા. ❊❊❊



## શક્તિ દો

તજ્યાં ઘર, તજ્યા અમે મહલ ને તજ્યા વૈભવો,
તજ્યા ભવ સંબંધ, સ્નેહરસનાં બધાં બંધનો;
લઇ હૃદયમાં અપાર બસ પ્રેમ તારા પ્રતિ,
અમે વનમહીં કર્યાં ઘર, કરી રણે મહેફિલો !

સહ્યાં સતત તાપ છાંય હસતાં મુખે ને અહો !
લઇ હૃદય દાહ રાતદિન ના સૂતાયે અમો;
અપાર ઉરવેદના અમિત આંસુ વચ્ચે સદા,
અસંગ કરતા રહ્યા પ્રણય પ્રેમથી તાહરો.

નથી વિભવ કીર્તિ કે પરમ મુક્તિને ઇચ્છતા,
અપાર વિભવી પ્રતિષ્ઠિત વિમુક્ત સાચે અમે.
નથી વિષયવાસના, વર નથી અમે માગતા,
છતાં ચરણમાં પડેલ સહતા મહા ખેદના,
પ્રભો, અતુલ શક્તિ દો, પ્રકટ હો અમારી મહીં,
થઈ ભસમ જાય દુ:ખ દુનિયાતણાં, વેદના.

—યોગેશ્વર.

## આ માનવનો મહેરામણ

આ માનવનો મહેરામણ !
ઉછળી ઉછળી છલકે નિજમાં
મચવે નિત અથડામણ !
આ માનવનો મહેરામણ !
સદીઓથી એકધારો જાણે વિસ્તરવાને ઘેલો
મોજાંઓથી કિનારાને નિત મારે હડસેલો :
વિરાટ જાગ્યો હૈયે કેવો બાહ્યસ્વરૂપે વામન !
આ માનવનો મહેરામણ !
જ્ઞાન ગરિમાથી ધબકંતા એના ઉર ધબકાર !
કુદરતની ગૂઢતાને જાણે દેતા નિત પડકાર !
કાળ ભરી મુઠ્ઠીમાં અટકી અનુભવતો અકળામણ !
આ માનવનો મહેરામણ !
તળ ઊંડાણે પાકે તોયે રામ રાઘવના મોતી !
પ્રેમ અમલથી મસ્ત બને તો લેતો કદીક ગોતી !
ગજબ ત્યારે અનુપમ થાતું એના ઉપર કામણ !
આ માનવનો મહેરામણ !

—ઈશ્વરભાઈ પટેલ



## છાંડયો સંગાથ !

બળબળતી બપ્પોરે છાંયડી ધરી
ને શીળી સંધ્યાએ છાંડયો સંગાથ !
તરણીને તારી મઝધારના તોફાનથી
તટપે તરછોડી મારા નાથ...બળબળતી
નેડો લગાડયો ને નાતો નિભાવ્યો
ને આજ લગી લીધી સંભાળ !
કીકીઓનું તેજ તમે, પાંપણ કીકીઓની અમે
અવનિ–આકાશ શો આધાર.
ઉભય આધાર ધરી,
અન્તરમાં હામ ભરી,
ધીરેને ધીંગા એ હાથ, મારા નાથ !
ભવભવનો આપણો પુરાણો સંગાથ...બળબળતી

ડૉ. રણજિત પટેલ (અનામી)

# 'પ્રકાશના પંથે'

. સંક્ષેપ : દીપક પ્ર. મહેતા

એકવાર મેં સરોડા માતાજીને મનીઓર્ડર મોકલેલો તેની વીસ દિવસ થયા છતાં પહોંચ પણ ન હતી. મેં ચિંતાથી તેમને પ્રશ્ન પૂછ્યો. તેમની લાક્ષણિકતાથી તેમણે નાક પર હાથ ફેરવ્યોને કહ્યું 'ચિંતા ન કરશો. માતાજી બહારગામ ગયાં હતાં એટલે પોષ્ટમાસ્તરે મનીઓર્ડર રાખી મૂકેલો. માતાજી આજે આવી ગયાં છે ને તેમને પૈસા મળી ગયા છે. આજથી સાતમે દિવસે પહોંચ મળી જશે ને માતાજીનો કાગળ પણ મળી જશે."

તેમના શબ્દો સાચા નીકળ્યા. સાતમે દિવસે પહોંચ ને પત્ર બન્ને મળ્યાં. પત્રમાં માતાજીના બહારગામ જવાની ને પોષ્ટમાસ્તરે મનીઓર્ડર રોકી રાખવાની વાત લખેલી. તેમની ભવિષ્યકથન શક્તિના આ પ્રત્યક્ષ પ્રમાણથી મને ખુબજ આનંદ થયો. આવા મહાત્માપુરુષનો પરિચય કરાવવા બદલ મેં ઈશ્વરનો ઉપકાર માન્યો. આવાં છૂપાં રત્નો આ દેશમાં ક્યાં ને કેટલાં પડ્યા છે તે કોણ કહી શકે? એક ઈશ્વરને જ તેની ખબર છે.

## માની કૃપા માટે ત્રણ દિવસનું વ્રત

રામકૃષ્ણ પરમહંસદેવનું જીવન મારે માટે શરૂઆતના જીવનમાં પ્રેરણાદાયક થઈ ચૂક્યું હતું તે વિષે મેં આગળ ઉલ્લેખ કરી દીધો છે. તેમનો ફોટો હું હંમેશાં મારી સાથે રાખતો. કેટલીયે વાર સવારે એવું બનતું કે હું જપ કે ધ્યાન કરીને આંખ ખોલતો ત્યારે તેમના શાંત અને સુંદર સ્વરૂપને મારી સામે ઓરડામાં ઊભેલું જોતો. એ અનુભવ અલૌકિક



હતો. બધા જ સાધકોને આવા અનુભવ થાય છે કે થવા જ જોઈએ એવો કોઇ નિયમ નથી. સાધનામાં સૌને સરખા અનુભવો નથી થતા. રુચિ, પ્રકૃત્તિઓ પાત્રતા પ્રમાણે તેમાં ફેર પડે છે.

ઇશ્વરને મારૂપે ભજવાનું મને વધારે ગમતું. માતાના નિરાકાર સ્વરૂપને હું જગતમાં બધે જ જોતો; પણ મારું હૃદય એક ભક્તનું હૃદય પણ હતું. તેથી જ્ઞાનના એ અનુભવની સાથે સાથે અનંત શક્તિ ને સુંદરતાથી ભરેલી માની અલૌકિક કાયાનું દર્શન કરવાની ઇચ્છા પણ મને થયા કરતી.

એકવાર વિચાર કરતાં કરતાં મને થયું કે જીવન તો ચાલ્યું જાય છે. માનું દર્શન કરવાનું સુખ ક્યારે મળશે? તે વખતે મને રામકૃષ્ણદેવનાં વચનો યાદ અવ્યાં. તેમણે કહ્યું હતું કે આ કળિયુગમાં જો કોઇ સાચા દિલથી ત્રણ જ દિવસ પોકારે ને પ્રાર્થના કરે તો પ્રભુ તેને જરૂર મળે. મને થયું કે આ અનુભવ કરવા જેવો છે ત્રણ દિવસ સુધી માની કૃપા માટે સતત તલસ્યા કરવું.

સંકલ્પ થઇ ગયો પછી અમલ કરતાં વાર શી? સવારથી જ મેં બારણું બંધ કર્યું, સરસ્વતીના ફોટાને સામે રાખ્યો, તેની પાસે દૂધની વાટકી રાખી ને પ્રાર્થનાની શરૂઆત કરી. રામકૃષ્ણદેવનાં વચન પ્રમાણે ત્રણ દિવસ થતાં મા પ્રગટ થશે એવો મારો વિશ્વાસ હતો. તે પોતાને હાથે દૂધ પી ને મને પ્રસાદ તરીકે બીજું દૂધ આપશે એવી મારી ભાવના હતી.

આશામાં ને આશામાં પહેલો દિવસ પસાર થઈ ગયો. રાતે થોડી ઊંઘ આવી ગઈ ને રાત પણ વીતી ગઈ. બીજો દિવસ પણ વીતી ગયો. છતાં કોઈ નોંધપાત્ર અનુભવ ના થયો. ત્રીજો દિવસ પણ પસાર થઇ ગયો. ત્રીજે દિવસે સાંજે હું બહાર નીકળ્યો. દૂધ તો ખરાબ થઈ ગયું હતું. પણ

માનું દર્શન ના થયું. ચોથે દિવસે મેં દૂધ પીધું ને ભોજન કર્યું. પરંતુ મને પૂરો આનંદ ના થયો. એટલો સંતોષ હતો કે મારી સમજ પ્રમાણે મેં પ્રયાસ કરી જોયો. પણ ધાર્યા પ્રમાણે અનુભવ ના થવાથી નિરાશ થવાને કોઈ જ કારણ ન હતું. પુરુષ તો પુરુષાર્થ જ કરી શકે છે તેનું ફળ આપવું ઈશ્વરના હાથમાં છે. ક્યારે ક્યાં, કેટલું ને કેવું ફળ આપવું તે ઇશ્વર જ જાણે છે. માણસે તેનો વિચાર કરીને શોક ને મોહમાં પડવાનું કોઈ કારણ નથી : કર્મનો કંટાળો લાવીને કર્મ સન્યાસ લેવાની પણ જરૂર નથી.

તે વખતે મને શી ખબર કે ભવિષ્યમાં માની સંપૂર્ણ કૃપા માટે મારે આવા તો અનેક ઉપવાસો કરવા પડશે અને આવી રીતે અનેક દિવસો સુધી તપવું ને તલસાવું પડશે ? તે વખતની મારી શ્રદ્ધા અને હિંમતનો ખ્યાલ લાવવા આ પ્રસંગ પૂરતો થઈ પડશે એવી આશા છે.

## દેવપ્રયાગનું પ્રથમદર્શન અને ધર્મશાળાનું રાજીનામું

ઋષિકેશ પહોંચ્યાને દસેક મહિના થયા હશે. અમદાવાદનું એક સંસ્કારી કુટુંબ ઋષિકેશની યાત્રાએ આવી પહોંચ્યું. તેના મુખ્યસભ્ય દામોદરદાસ ગરીબ દશામાંથી આગળ વધીને આર્થિક રીતે સુખી સ્થિતિએ પહોંચ્યા હતા. તેથી તેમનામાં નમ્રતા ને સેવાભાવના સારી હતી. મારો તેમની સાથે પરિચય થયો. તેમના યુવાન અને આશાસ્પદ પુત્રનું તાજેતરમાં મૃત્યુ થયું હોવાથી તેમને દુઃખ થયેલું. દિલ બેચેન હતું. તેમનાં પત્ની પણ માયાળુ ને સેવાભાવી હતાં. હું તેમને વૈરાગ્યશતક તથા બીજા ધર્મગ્રંથોના ઉપદેશ સંભળાવતો. તેથી તેમને શાંતિ મળતી.

તેમની ઈચ્છા દેવપ્રયાગ જવાની હતી. દેવપ્રયાગના ગોર શ્રીચક્રધર જોષી સાથે એમને ઓળખાણ હતી, મારા પર



ભાવ થયેલો એટલે તેમણે મને દેવપ્રયાગ સાથે આવવાનું આમંત્રણ આપ્યું. મને પણ હિમાલયના આગળના પ્રદેશનું અવલોકન કરવાની ઇચ્છા તો હતી જ. એટલે એ આમંત્રણને મેં સપ્રેમ વધાવી લીધું.

વહેલી સવારે અમે દેવપ્રયાગની મોટરમાં રવાના થયા. ઋષિકેશથી દેવપ્રયાગનો મોટરમાર્ગ પર્વતોમાંથી કોતરી કાઢેલો. અને અનેક ચઢાણઊતરાણ તથા વળાંકોથી ભરેલો સુંદર માર્ગ છે. માર્ગની એક તરફ ઊંડી ખીણ છે જેમાં સર્પાકારે વહી જતી ગંગાનું દર્શન થયા કરે છે.

ઋષિકેશથી દેવપ્રયાગનું લગભગ અર્ધું અંતર કાપ્યા પછી એક ઠેકાણે મોટર ઊભી રહી. ત્યાં એક બે નાની સરખી દુકાનોમાં ચા દૂધ ને ખાવાનું મળે તેવું એ કુદરતી સૌંદર્યથી ભરેલું વિશ્રામસ્થાન હતું. ચક્રધરજી શેઠને લેવા સામે આવેલા. તેમનો સ્વભાવ પ્રથમ દૃષ્ટિએજ મને ઘણો સારો લાગ્યો. તે સાદા, સરળ ને મધુરભાષી હતા.

દેવપ્રયાગમાં અમારે એમને ત્યાં જ ઉતરવાનું હતું. અહીં એમનું મકાન ગંગાકિનારે હતું. જ્યાં અલકનંદા ને ભાગીરથીનો સંગમ થાય છે તેની શોભા અપાર છે. સંગમ થયા પછી પર્વતોની વચ્ચેથી પ્રબળ ગતિથી, ઉછાળા મારતો વહેતો ગંગાનો પ્રવાહ ખૂબ જ આકર્ષક લાગે છે.

દેવપ્રયાગમાં ત્રણેક દિવસ રહ્યા પછી અમને જાણવા મળ્યું કે લગભગ ચારેક માઈલ દૂર દશરથાચલ નામે ઓળખીતો એક સુંદર પર્વત છે. ત્યાં ઘાસનાં વિશાળ મેદાન છે ને ક્ષિતિજમાં અર્ધચંદ્રાકાર બરફવાળા હિમાલયનું દર્શન થાય છે. અમને ત્યાં જવાની ઇચ્છા થઈ.

પર્વતમાં નાની પગદંડી પરથી પસાર થતા થતા લગભગ ૭૦૦૦ ફીટની ઊંચાઈએ આવેલા દશરથાચલ પહાડ પર અમે

આવી પહોંચ્યા ત્યારે સાંજ પડવાને થોડો જ વખત બાકી હતો.

પર્વત પર ચીડનાં એટલાં બધાં વૃક્ષો હતાં કે તેને ચીડનાં વૃક્ષોનું ઘર કહીએ તો પણ ચાલે. સાંજનો સમય થયો એટલે ઠંડો પવન ફૂંકાવા માંડયો. પર્વતપર કોઈ ગામ ન હતું. કોઇ જમીનદારે બાંધેલું એક નાનુંસરખું મકાન જર્જરદશામાં અમારું સ્વાગત કરતું ઊભું હતુ. બાકી ઊતરવા કે રહેવાનું કોઇ ઠેકાણું ન હતું. આવા એકાંત પર્વતને જોઇને મને આનંદ થયો. મારું મન તદ્દન શાંત થઇ ગયું. પર્વતનો આ પ્રદેશ મારે માટે ચિરપરિચિત હોય ને મને અહીં લાંબો વખત રહેવા મળે તો મારો વિકાસ થાય ને મને શાંતિ મળી શકે એમ મને લાગવા માંડયું.

બીજે દિવસે સવારે આમતેમ ફરવા નીકળ્યા તે પછી નાસ્તો કરવા બેઠા. પર્વત બધી રીતે અનુકુળ હશે પણ પાણીની તકલીફ હતી. ઝરણું ઘણું દૂર હતું ને તેનું પાણી તીવ્ર વૈરાગ્યની અસર નીચે હોય તેમ ટપકે ટપકે તે પર્વતમાંથી પડતું.

બપોર પછી અમે દેવપ્રયાણ આવવા રવાના થયા પણ એ એક દિવસના પરિચયમાં તો જાણે એ પર્વત સાથે મારી પ્રીત થઇ ગઈ.

આંખ ફરકવાનો ફળાદેશ સાચો છે? મને તેની ખબર નથી. પણ છેલ્લા બે દિવસથી મારી ડાબી આંખ ફરકી રહેલી.

ઋષિકેશ આવતાં ખબર પડી કે બે દિવસ પહેલાં લક્ષ્મીબાઇનું મૃત્યુ થયું છે. મૃત્યુ વખતે મારી તરફ કરેલા ખરાબ વર્તાવ બદલ તેને દુઃખ થયેલું ને તે ખુબ રડેલી. લક્ષ્મીબાઈએ પોતાની ભૂલ સમજીને છેલ્લી ઘડીએ પશ્ચાતાપ કર્યો તે પણ તેનું ભાગ્ય ને ઈશ્વરની કૃપા. છેલ્લી ઘડીના પશ્ચાતાપના પાવકમાં પવિત્ર થયેલો તેનો આત્મા બીજા જન્મમાં વધારે સારી



ગતિ ને બુદ્ધિને પ્રાપ્ત કરી શકશે.

લક્ષ્મીબાઇનું મૃત્યુ થવાથી મારુ કામ સરળ થયું. ધર્મશાળામાં રહેવાનો મારો મુખ્ય હેતુ માતાજીની સંભાળ રાખી શકાય અથવા એમને આર્થિક મદદ મોકલી શકાય તે હતો તે માટે જ મેં ધર્મશાળાનું કામ સ્વીકારેલું. ઋષિકેશનું વાતાવરણ પણ મને ગમતું પરંતુ તુલસીદાસે કહ્યું છે કે ‘ હોવત સોઇ જો રામ રચિ રાખા ’ તે પ્રમાણે મારા જીવનમાં એક નવા અણધાર્યાં પ્રસ્થાનનો કાળ આવી પહોંચ્યો. એક નવી પરિવર્તનની પળ પેદા થઈ.

રોજના નિયમ પ્રમાણે સ્નાનાદિથી પરવારીને હું સવારે ધ્યાનમાં બેઠા ને થોડા જ વખતમાં મારું મન એકાગ્ર થઈ ગયું. તે દશામાં મારા હ્રદયમાં ઊંડે ઊંડે પ્રેરણા કરતું કોઇ કહેવા માંડયું. “ અરે, માતાજીની ચિંતા શા માટે કરે છે? તને મારા પર શ્રદ્ધા નથી? માતાજીના ગુજરાનની ચિંતા કરીને તું મારા પરની શ્રદ્ધાને ઓછી કરે છે. નોકરી કરવી હોય તો મારી કર. મારો સેવક ને પ્રેમી બન. તો તારું જીવન ધન્ય બની જશે. તું કૃતાર્થ થઇ જશે. માતાજીની ચિંતા છોડી દે. તેમને કોઈ જાતની તકલીફ નહીં પડવા દઉં, તારા જીવન માટે તું બીજા પર આધાર રાખે છે ત્યાં સુધી તારું સમર્પણ સાચું નથી. માટે મારે માટે સર્વ સમર્પણ કરીને આગળ પર્વતોમાં ચાલ ને જીવનને મારામય કરી દે. હવે વિલંબ ના કર.”

પહેલેથી તૈયાર કરી રાખ્યા હોય તેવા શબ્દો અંતરના ઊંડાણમાંથી એક પછી એક બોલાયે ગયા. શિવાનંદ આશ્રમમાં જે પહેલીવાર અલૌકિક અનુભવ થયેલો. તેવો આ બીજો અનુભવ હતો.

એ પ્રેરણાશબ્દની અસર તો જુઓ! શબ્દો પૂરા થયા કે તરત જ મેં આંખ ઊઘાડી, સામે પડેલી નોટબુક લીધીને

ટ્રસ્ટીઓને રાજીનામાનો કાગળ લખી નાખ્યો. ! " આજથી પંદર દિવસ પછી હું ધર્મશાળા છોડીશ. તે દરમ્યાન ઈચ્છા હોય તો કોઈ બીજા માણસને મોકલી દેજો, નહિ તો તમારી મંજુરી મળશે તો દહેરાદૂનમાં એક ગુજરાતીભાઇ વરસોથી રહે છે. તેમને મારી જગ્યાએ મેનેજર તરીકે મૂકતો જઈશ. એટલે તમને તકલીફ નહિ પડે." રાજીનામાનો પત્ર પૂરો કરી પદ્માસન પુરું કરી હું ઊભો થયો. મારો નિર્ણય તદ્દન નવો ને આકસ્મિક હતો.

તેની પાછળ ઈશ્વરની પ્રેરણા હતી એટલે મારા મનને શાંતિનો અનુભવ થઇ રહ્યો. કવિ દયારામે ઠીક જ કહ્યું છે કે–

"ધણી ધાર્યો મનસુબો હર બ્રહ્માથી નહીં ફરે,
ચિત્ત તું શીદને ચિંતા ધરે, કૃષ્ણને કરવું હોય તે કરે. !"

ટ્રસ્ટીઓને પત્ર રવાના કર્યા પછી મેં એક પત્ર મગર સ્વામીને ને એક પત્ર ચંપકભાઈને લખી દીધો.

મારો નિર્ણય માતાજી માટે મૂંઝવણરૂપ હતો. માતાજીને માટે એ કાળ ભારે કસોટીનો હતો : તેમનો સ્થૂલ આધાર કેવળ મારા પર હતો. પછીનાં વર્ષો તેમને માટે વધારે કપરાં ને કસોટી કરનારાં સાબિત થયાં. પણ ઈશ્વરની કૃપાથી ભયંકર અગ્નિ પરીક્ષામાંથી પસાર થઇને છેવટે તે સુખ ને શાંતિ મેળવી શક્યાં આજે તે વરસોથી મારી સાથે રહે છે. (૪ ઓક્ટોબર ૧૯૮૦માં પૂ. માતાજીનું નિધન થયું ત્યાં સુધી તેઓ સતત પૂ. યોગેશ્વજી સાથે રહેલાં.) તેવો યોગ કેવી રીતે પ્રાપ્ત થયો તે ક્રમે ક્રમે કહેવાશે. હાલ તો એટલું જ કહીશ કે ઇશ્વરી પ્રેરણા પ્રમાણે થયેલો રાજીનામાનો નિર્ણય મારે માટે આગળપર મંગળમય સાબિત થયો. ધર્મશાળામાં જ બેસી રહેવાનું થયું હોત તો મારા જીવનમાં આજના જેટલો આધ્યાત્મિક વિકાસ કદાચ ના થઈ શકત. ધર્મશાળા છોડવાથી મને બધી રીતે લાભજ થયો છે. (ક્રમશઃ)



# संगीता मे........४

(ગતાંકથી ચાલુ)

ડૉ. અશ્વિનભાઈ ડી. પટેલ

## ૐકાર મંત્ર

પ્રણવમંત્ર ૐ એ સંગીતા વાણીનો સર્વશ્રેષ્ઠ નમૂનો છે એને એકાક્ષરી એકમ, એકપદી એકમ કે એક વાક્યૈકમમાં ખપાવી શકાય એવી એની અદ્વિતીય અસલિયત છે. વાણીને વિજ્ઞાનપૂત કે વિજ્ઞાનપ્રપૂત માનીએ તો પણ ૐ મંત્ર જેવો વિજ્ઞાનસિદ્ધ સર્વશ્રેષ્ઠ સંગીતમય મિતામિત માત્રાસાધિત એકે મંત્ર દુનિયામાં નહિ મળે. એમ તો 'રામ' નામને મંત્ર

---

( અનુસંધાન પાના ૧૭ નું ચાલું )

લીધી. ને હવે તેની પુજા કરીએ છીએ."

અમને થયું કેવું અદ્દભુત ! અત્યાર સુધી સાવ સામાન્ય લાગતી એ લાદી હતી. પરંતુ બીજીજ ક્ષણે એક મહાપુરુષનાં ચરણોનાં ચિહ્નો ધારણ કરતી એક પવિત્ર વસ્તુ અમારે માટે બની ગઈ !

જ્યારે અમે એ સ્થાનમાંથી બહાર નીકળ્યા, ત્યારે શ્રી. જાનીભાઇને ફરી પ્રણામ કર્યાં. લાગ્યું કે પ્રભુએ કૃપા કરીને જ એના મહિમાનો પરિચય અમને આ પૂજારી ભાઈ તેમજ શ્રી. કુન્દનભાઈ ભટ્ટ મારફત કરાવ્યો. આપણાં તીર્થો જીવંત છે, પરંતુ એની પ્રતીતિ ને અનુભૂતિ કોઇ વિરલ પવિત્ર ને પ્રભુ સમર્પિત જીવોને આજના યુગમાં પણ થાય છે.

સોમનાથ ભગવાનની અમારી એ યાત્રા સાચે જ જીવનના એક અમૂલ્ય અવસરરૂપ બની ગઈ. એમાં પણ એ પ્રભુનીજ કૃપા. જય હો ભગવાન સોમનાથનો, જય હો ભગવાન પરશુરામનો.

માનીએ છીએ પણ તે મિતામિત માત્રાસાધિત નથી. એમાં મિત માત્રાઓ રૂ, અ, અ, મ્, અ વર્ણોથી સાધિત પાંચ છે, જ્યારે ૐ ની મિત માત્રાઓ અ, ઉ મ્ વર્ણોથી સાધિત ત્રણ જ છે ને અમિત માત્રાઓ તો સિદ્ધ સંગીતકાર એની સ્વરસિદ્ધિએ કરીને જેટલી દોહરાવે, વિવર્તાવે, વર્તુળાવે, પરંપરાવે તેટલી ઓછી. એથી તો નાનામાં નાનો, છતાં મોટામાં મોટા મંત્રની ગરવાઈવાળો આ અનન્ય મન્ત્ર, પ્રયોગસિદ્ધ હકીકત કહે છે તે મુજબ, એના શાસ્ત્રીય સ્વરસાધિત પ્રયોગથી વિવિધ પ્રકારની આકૃતિઓ, આકારો, દૃશ્યો ઉપસાવી શકે છે; એમાં રહેલું સંગીત એના ઉચ્ચારમાં રહેલી સંવાદિતા શ્રોતાઓને પ્રસન્નચિત્ત બનાવે એ તો સહજ વાત છે પણ એમની પ્રાણશક્તિને એ જાગ્રત કરે છે અને એને શતાધિકાયુક્ષમતા બક્ષે છે તથા ઘરના, ગામના, દેશના, દુનિયાના, ખંડના, વિશ્વના બ્રહ્માંડના વાતાવરણને પણ એ શુદ્ધ બનાવે છે અને પ્રાણીઓનાં મનને વિકસાવી સર્વત્ર શાન્તિના સામ્રાજ્યની સ્થાપના કરે છે. આજે દુનિયામાં આ શાંન્તિનો અભાવ છે તેનું કારણ ઓમકાર મંત્રનો જોઈએ તેવો અને તેટલા પ્રમાણમાં જાપ થતો નથી એ છે.

ૐકારમાં આદિ દેવત્રિપુટી—બ્રહ્મા વિષ્ણુ મહેશના પ્રતિનિધિરૂપ ત્રણ સ્વાર अ, उ, म, નો સહયોગ છે; સત્, ચિત્ આનન્દનાં (સચ્ચિદાનન્દનાં) તત્ત્વોનું એમાં રસાયણ છે (ૐકારના શાસ્ત્રીય ઉચ્ચારથી એ ત્રિદેવ અને એમની સાથે સ્ફુરાયમાન થતી ત્રણ દેવી સરસ્વતી, લક્ષ્મી ને પાર્વતી (અમ્બા)ની શક્તિઓ દુનિયાના અને દુનિયામાં વિહરતાં પશુપંખી જીવજંતુ માનવના પ્રાણોમાં સંચાર પામે છે. પરિણામે સારા વિશ્વની નિખિલ બ્રહ્માંડની પ્રાણશક્તિ પ્રફુલ્લે છે, વિકસે છે, પ્રબળ બને છે અને એથી ચરઅચરનું જીવન



સ્વસ્થ, ફુદકતું ને તંદુરસ્ત બની રહે છે.

ૐકારમાંના अ ને નાગરી લિપિના સ્વર પ્રતિનિધિરૂપે, म ને વ્યંજન પ્રતિનિધિરૂપે લઈએ તો उ ને કોના પ્રતિનિધિરૂપ માનવો ? આ उ કોઈ વ્યંજન સાથે જોડાઈ 'વરડુ'' ચિહ્ન ু કે ূ બનતો નથી. એ તો આગળના આદિ સ્વર વિષ્ણુસ્વરૂપ अ ની સાથે તાદાત્મ્ય સાધી, એકરસ બની જાય છે મને લાગે છે ગીર્વાણ ગિરા ( દેવભાષા ) સંસ્કૃતના કક્કામાં ऋ, ॠ ને ऌ એ ત્રણ સ્વરનો બીજી ભાષાઓના કક્કાઓ કરતાં સવિશેષ સહેતુક સમાવેશ કરાયેલ છે એ ત્રણ સ્વરના પ્રતિનિધિરૂપ ૐકારમાંના उ ને આપણે માનવો રહ્યો. એ સિવાય વેદાદિ મન્ત્રોમાં વપરાયેલ ऋ, ॠ ને ऌ સ્વરો વિષે, એમને સમાવિષ્ટ કરતા મન્ત્રોના ગાન વિષે માનવ મનમાં સમાધાન થઈ શકશે નહિ. એ મંત્રોમાં ક્યાંક આગળ, પાછળ, વચ્ચે ૐકારના સમાવેશ અંગે પણ આપણાં મનમાં સમાધાન થઈ શકશે નહિ. ભાષાશાસ્ત્રની સમજ પણ એના અભાવે અધૂરી રહેલી જણાશે.

મન્ત્રોના ઉદાત્ત, અનુદાત્તાદિ સ્વરાઘાતસહિત જળવાતા માત્રાપ્રમાણ સાથે જે વૈદિક સંગીત ઉત્પન્ન થાય છે તેની અસર વાયુમંડળ ઉપર, તેની દ્વારા સમષ્ટિના અગ્નિતત્ત્વ ઉપર અને તે દ્વારા દરેક પ્રાણીમાં રહેલ વૈશ્વાનર ઉપર થાય છે. આથી એની ચેતનાનું શુદ્ધીકરણ થાય છે. એથી ભગવાનનું સચ્ચિદાનન્દસ્વરૂપ કોળી ઊઠે છે અને જગતમાં રાગદ્વેષાદિ દ્વન્દ્વોમાંથી ઊઠતું બીભત્સતત્ત્વ વિનષ્ટ થાય છે. જગત એથી શાન્તિ અનુભવે છે.

"कराग्रे वसते लक्ष्मी करमूले सरस्वती'' એ શ્લોકની નવેરૂપે પાદપૂર્તિ કરીને લખીએ हृद्मध्ये च त्वम्बाम्बाप्रसन्ना वरदा शुभा ॥ તો શિવશક્તિ જગદમ્બા પાર્વતીનું, અમ્બા

(અમ્મા)માનું કરુણાકરરૂપ માનવહૃદયમાં પ્રસન્નતાને રૂપે હોય તો માનવીને હુન્નર ઉદ્યોગ કરવાનું સૂઝે છે, કલાકારીગરી કરવાનો ઉત્સાહ રહે છે જે માટેની શક્તિ કરાગ્રોમાં એટલે કે હાથની આંગળીઓમાં (આજે તો કેટલાક અપંગોની પગની આંગળીઓમાં પણ ) આવે છે. અને સાહિત્યસંગીતચિત્ર-નૃત્યાદિ લલિત કળાઓ અને શિલ્પસ્થાપત્યાદિ લલિતોમાં કળાઓ જગતને માત્ર લક્ષ્મી કમાવી ( અર્થોર્જન ) આપીને નહિ પણ બીજી સર્વ રીતે સુંદરતમ બનાવે છે. એને પરિણામે સમૃદ્ધ જીવનનું સંગીત ક્યારે વધુ મધુર બને ? જ્યારે માનવ શ્રીસાથે સરસ્વતીનું સંપાદન કરે ત્યારે, જ્ઞાનાર્જન કરે ત્યારે. (હાથમાં કલમ પકડીને સરસ્વતીની સાધના કરવાની શક્તિ મણિબંધ એટલે કે કરમૂલમાં–કાંડામાં રહેલી છે એમ શાસ્ત્રો કહે છે; એટલે તો બહુ લખલખ કરીએ ત્યારે આંગળીઓ કરતાં કાંડુ વધારે દુખે છે.) સરસ્વતીની સાધના એ પણ બીજી સાધનાઓની જેમ ચેતનાવ્યાપાર છે. એ ચેતનાથી પરમાત્માનું રસો વૈ સઃ રૂપ પ્રગટ થાય છે. વાણીનું એ સંગીતા સ્વરૂપજ છે (ક્રમશઃ)

———o———

સાધક માટે અતિ આવશ્યકતા છે સદાચારની. જે મનુષ્યો કુકર્મોથી પાછા વળતા ન હોય, વાતો, લેખો, ઉપદેશો, સત્‌કર્મના કરતા હોય, પણ આચરણ ન હોય, માનતો હોય તેવું જીવતો ન હોય પોતાની નબળાઈ, દોષ, ત્રુટિને કારણે તેવું જીવન જીવી ન શકતો હોય ત્યારે તેણે સાવધાનીપૂર્વક તેમાંથી મુક્ત થવાનો પ્રયત્ન કરવો આમ સાધક સદાચારના માર્ગે આગળ વધે નહિ ત્યાં સુધી પરમાત્માનો પ્યારો ના બની શકે.



# મથુરાની મોહક કથા

શ્રી. હસુભાઈ ગિ. દવે.

મથુરા વૈષ્ણવોની નગરી છે, તો કાશી શિવજીની નગરી છે. છતાં જોવાની ખૂબી એ છે, મથુરા નગરીની ચોતરફ શિવાલય આવેલાં છે. મધુપુર એ મથુરાનું પુરાણું નામ ભૂંસાતું ચાલ્યું. પણ નગરીની મહત્વતા ઘટતી નથી કે, વારસામા મળેલી સંસ્કૃતિ લોપાતી નથી.

મથુરાનાં ચાર દરવાજે ચાર શિવાલયો છે. પૂર્વમાં પિપલેશ્વર, પશ્ચિમે ભૂતનાથ (–ભૂતેશ્વર) ઉત્તરમાં ગોકર્ણેશ્વર, દક્ષિણમાં શ્રીરંગેશ્વર.

મથુરાનાં ચાર સ્ટેશનો છે. (૧) મથુરા કેન્ટ (૨) મથુરા જંકશન (૩) મસાની (મથુરાસીટી) અને (૪) ભૂતેશ્વર. ભૂતેશ્વર સ્ટેશનથી ગામ બે માઈલ દૂર છે.

મથુરાને દરવાજા પણ ચાર છે. (૧) હોળી દરવાજો (૨) ભરતપુર દરવાજો (૩) ડીગ દરવાજો (૪) વૃંદાવન દરવાજો.

જૂના મથુરામાં મલ્લપુરા સ્થળ છે, જ્યાં શ્રીકૃષ્ણે અને બલભદ્રે દ્વંદ્વ–યુધ્ધ (મલ્લકુસ્તી) ખેલેલું, ત્યાં કેશવજીનું મંદિર છે. શ્રીકૃષ્ણનું જન્મ–સ્થાન–દેવકી અને વસુદેવને જેલમાં રાખેલ તે–સ્થાન પોતરા–કુંડ પાસે હોવું જોઈએ. આ બધાજ સ્થાનો પુરાણાં મનાયાં છે.

મથુરામાં ધર્મશાળાઓ પણ ચાર છે. એમાં "દામોદર–ભુવન" ગુજરાતી ધર્મશાળા સારી છે.

મથુરાની પરકમ્મા કુલ ૧૨૧ માઈલની થાય છે. એકસો એકવીસનો સરવાળો ચાર થાય છે. આમ સિંહ રાશી ઉપર આવતું નામ 'મથુરા' કર્કરાશીએ 'બ્રહ્મરાશી' બ્રહ્મત્વ ભોગવે

છે. ચારનો આંક સંઘર્ષણુ, જાત મહેનત, પરિશ્રમથી પ્રાપ્ત કરવામાં કર્કરાશી માને છે, મિથુન રાશીના શ્રીકૃષ્ણુ આ ચારના અંક તળે મોટા થયા છે.

મથુરાની પરિક્રમ્મા મથુરાથી શરૂ થાય છે, તે 'બરસાના' થી પરત આવે છે

મથુરાથી પહેલાં આવે 'વૃંદાવન' જે ૬ માઇલ છે. બીજુ આવે 'ગોકુળ' જે ૪ માઇલ છે. ત્રીજુ આવે 'મહાવન' જે પાંચ માઇલ છે. મહાવન તેને જુનું ગોકુળ કહે છે. ચોથું આવે છે, 'મોટા દાઉજી' જે ૧૨ (બાર) માઇલ છે. પાંચમું આવે 'ગોવર્ધન' જે ૧૩ (તેર) માઇલ છે. છઠ્ઠું આવે 'જતીપુરા' ૧૫ (પંદર) માઇલ છે. સાતમો આવે 'રાધાકુંડ' જે ૧૫ (પંદર) માઇલ છે. આઠમું આવે 'નંદગાંવ' જે ૨૩ (ત્રીવીશ) માઇલ છે અને નવમું 'બરસાના' જે ૨૮ (અઠયાવીશ) માઇલ છે. આમ કુલ ૧૨૧ માઇલ છે.

મથુરામાં જન્મી મહાવને (જુનુ ગોકુળ) જઇ નંદરાયનાં પુત્ર તરીકે કાનુડો ઝળકયો છે. ત્યહારે જુનુ ગોકુળ એમ કહેવાતું—નવું ગોકુળ થયાં પછી 'જુનુ ગોકુળ' એમ કહેવાણું છે. બે બાપ અને બે માવાળો કાનુડો આળવીતરો, હૈયાનાં પ્રેમ પાઇ દિલ જીતનારો, જ્ઞાની પુરુષ, રાજપુરુષ કોઇ થયો નથી, ને થવાનોય નથી. 'ગોપીઓ' જેવાં ઓપાત્રની ભક્તિની શક્તિનો જાણુનારો તથા ઓધવજી સાથે જ્ઞાનવાર્તા કરનારો વિતરાગી કોઇ થયો નથી. મથુરામાં લાવનાર ઓધવજીને બલદેવજી તથા શ્રીકૃષ્ણે કંઇક જ્ઞાન પાઇ દીધું'તું કંસ એમને બેઉ ભાઇઓને-જોતાં જ ગભરાઇ જઇ મરણો'તો એને 'હાર્ટફેઇલ' થયાથી મોત થયું'તું. આ એ વખતનો પ્રથમ દાખલો 'હાર્ટફેઇલ' હશે.

ઉત્તરે થયેલ કંસ, દક્ષિણે થયેલ 'રાવણુ' જેટલો બાહોશ



ન નિવડયો ? રામ કરતાં 'રાવણુ' દક્ષિણે વધૂ પૂજાય છે. એમ કંસની પૂજા થતી સાંભળી નથી. રામને દક્ષિણુ દિશા બતાવનારો 'રાવણુ' પ્રખર જ્ઞાની, વિદ્વાન કર્મકાંડી, સર્વવિદ્યા સંપન્ન, સર્વશાસ્ત્ર વિશારદ, સિદ્ધ પુરુષે દક્ષિણુ દિશાએ કેમ લંકા વસાવી ? આ પણુ રહસ્ય છે. મૃતદેહનું શિર દક્ષિણુમાં થાય છે. મૃતદેહમાં રહેલો પ્રાણુવાયુ-જીવ ઉત્તર દિશાના ગુરુત્વાકર્ષણુનાં આધારે વિદ્યુતાણુએ કરી શોષાય જાય છે. 'રાવણે' 'રામ' જેવા દેવને આમંત્રીને મોક્ષ પ્રાપ્તિ કરી છે. કંસ એ દષ્ટિએ કંઇ જ નથી. રામનું ગોરપદુ કરનાર રાવણે સીતાજીની માંગણી કરી'તી. શક્તિ વિના પુરુષશકિત સિદ્ધિ મેળવી નથી શકતી. આમ 'રામાયણુ-નું રહસ્ય, અને 'ભાગવત'-નું રહસ્ય જુદુ જુદુ ઘણું ઘણું કહી જાય છે.

રામ અને કૃષ્ણુ મૂળ પુરુષની પ્રકૃતિરૂપ છે. મથુરા નગરીની આમ મોહક કથા કીધી છે.

બીજી આવશ્યકતા છે વિશુંધ્ધ-સત્વ-પવિત્ર અંતઃકરણુની પવિત્ર હ્રદયવાળા તપસ્વીઓ, ઋષિઓ પરમાત્માને પામી શકયા છે. જેમ સ્વચ્છ દર્પણુ તેમજ પાણીમાં પ્રતિબિંબ બરાબર પડી શકે છે તેમ નિર્મળ હ્રદયમાં જ પરમાત્માનું પ્રતિબિંબ પડી શકે.

* * *

વાસના, મોહના, અવિદ્યા જેવા આવરણોને હઠાવવા માટે જપ, તપ, ધારણા, નિયમોનું પાલન કરવામાં આવે તો વાસનાની નિવૃત્તિ થાય.

# આપણાં ધર્મ પ્રતીકો

પ્રા. જનાર્દન દવે

રાષ્ટ્રને, વ્યાપારી પેઢીઓ, ઉત્પાદન કેંદ્રો, સામાજિક સંસ્થાઓ–આ સૌને પોતાનાં નિશ્ચિત પ્રતીકો અને ધ્યાનમંત્રો હોય છે. આવાં પ્રતીકો શરૂઆતમાં બહુ બહુ વિચારના અંતે કેટલાંક ધ્યેયો અને ભાવનાઓને નજર સમક્ષ રાખવા માટે નક્કી થતાં હોય છે પણ પાછળથી પ્રતીકોનો ઉપયોગ તો ચાલુ રહે છે પણ તે પ્રતીકો જે આદર્શો અને વિભાવનાઓ સૂચવતા હોય છે તે ભૂલાઇ જાય છે.

આપણે આજે એવા કેટલાક ધર્મ પ્રતીકો લઇશું અને તેની પાછળ કેવા આદર્શો અથવા ભાવનાઓ હશે તે જાણવા પ્રયત્નો કરીશું. સૌ પ્રથમ આપણે **સ્વસ્તિક** લઈશું. સ્વસ્તિ એટલે કલ્યાણ, સ્વસ્તિ એટલે મંગલ, સ્વસ્તિક એટલે કલ્યાણપ્રદ, મંગલ આપનાર, સ્વસ્તિ અર્થાત્ કલ્યાણપ્રદ શું છે ? કલ્યાણપ્રદ છે ધર્મ. ધર્મના ચાર પાદો છે. માળા તિલક તીર્થયાત્રા આ બધા નકામા નથી, પણ ધર્મના આ બહિરંગ લક્ષણો છે ધર્મના અંતરંગ ચાર પાયાઓ છે (૧) સત્ય (૨) પવિત્રતા (૩) તપશ્ચર્યા (૪) દયા. મનુ મહારાજ ધર્મનો ચોથો પાયો દાન ગણે છે. પરંતુ આ ચારે છેડા પરસ્પર પરિપૂર્ણ દિશાઓમાં જતા દેખાય છે પણ આ ચારે છેડાઓ જુદા જુદા નથી. ધર્મરૂપ એક જ કેન્દ્રના આ ચારે લક્ષણો સંકલિત છેડાઓ છે. સત્ય, તપ, પવિત્રતા અને દયા આ ચારે છેડાઓ વાળો ધર્મ જ સ્વસ્તિક છે મંગલમય છે.

અથવા આપણું જીવન–આયુષ્ય પણ સ્વસ્તિક છે–મંગલમય છે. આયુષ્યમાં–જીવનમાં પણ બાલ્ય, કૌમાર્ય, યાવન



અને વાર્ધક્ય આ ચાર છેડાઓ છે પણ આ ચારે ભેગા મળે છે તેવું આયુષ્ય સ્વસ્તિક છે. આ સ્વસ્તિકના ચારે છેડાઓ વચ્ચે ચાર બિંદુઓ કરવામાં આવે છે. આ બિંદુઓ ધર્મ, અર્થ, કામ અને મોક્ષ છે. ધર્મને હાનિ ન પહોંચે અને મોક્ષ બગડે નહિ તેમ અર્થ અને કામ મેળવવાના અને ભોગવવાના છે. શ્રીમદ્ ભાગવતમાં આ ચારેનું સંતુલન બતાવતાં કહ્યું, ધર્મનું ફળ અર્થ કે કામ નથી પણ મોક્ષ છે. અર્થ પણ ઇંદ્રિયોને બહેકાવવા નથી, કામ જીવનમાં થોડી અનુકૂળતા રહે તેટલા પૂરતો ભોગવાનો ઇંદ્રિયોની પ્રીતિ માટે નહિ. તે બાલ્ય, કૌમાર્ય, યૌવન અને વાર્ધક્યના ચાર છેડાઓવાળા આયુષ્યમાં ધર્માદિ ચારે પુરુષાર્થોની સિદ્ધિ થવાથી જીવન–આયુષ્ય પણ સ્વસ્તિક મંગલમય બને છે.

સ્વસ્તિક જેવું લોકપ્રિય પ્રતીક બાજોઠ પર પધરાવાતો–પૂજાતો; પંચલ્લવોથી ઉપર શ્રીફળ ધરેલો મંગલ કલશ, કલશ અંડાકાર હોય છે. આ કલશ સંપૂર્ણ બ્રહ્માંડનું પ્રતીક છે. બ્રહ્માંડમાં સમુદ્રો–સરિતાઓ છે તો કલશમાં જલ ભરવામાં આવે છે બ્રહ્માંડમાં ઔષધિ–વનસ્પતિઓ છે તો કલશમાં તેના પ્રતીક રૂપે પંચપલ્લવ રાખે છે. બ્રહ્માંડમાં ફળો હોય છે તો કલશમાં સોપારી મૂકવામાં આવે છે. બ્રહ્માંડમાં ધન અને ધાન્ય છે તો કલશમાં ચોખા અને દ્રવ્ય પણ મુકાવવામાં આવે છે. પૂજનના મંત્રોમાં પણ બોલાય છે.

कुक्षौ तु सागराः सर्वे सप्तद्वीपा वसुन्धरा
ऋग्वेदो यजुर्वेदो सामवेदो अथर्वणः ।
अङ्गैश्च सहिताः सर्वे कलशं तु समास्थिताः
अत्र गायत्री सावित्री शान्ति पुष्टिकरी तथा ॥

આ બ્રહ્માંડરૂપ કલશમાં વાણી અને વેદો પણ છે. આમ કલશ નજર સમક્ષ ઉપસ્થિત કરાતું બ્રહ્માંડ છે. તે બ્રહ્માંડ

બાજોઠ પર છે. આપણા સૌને જેમ કાલમર્યાદા છે તેમ બ્રહ્માંડને પણ કાળમર્યાદા છે. આખું બ્રહ્માંડ કાળરૂપ બાજોઠ પર રહેલ છે. આ બ્રહ્માંડના કાળને ચાર પાયા છે સત્ય, ત્રેતા, દ્વાપર અને કલિ એટલે બાજોઠના ચાર પાયા છે.

પરંતુ બ્રહ્માંડની શોભા જલ, ઔષધી, ધન, ધાન્યથી નથી તેની શોભા ચૈતન્યને લીધે છે. આજે પણ વૈજ્ઞાનિકો મંગળ, શનિ વગેરે ગ્રહોમાં જીવસૃષ્ટિ છે કે કેમ તેની શોધ મુખ્ય ગણે છે. આ ચૈતન્ય બ્રહ્માંડની શોભા–માધુર્ય છે એટલે કલશ પર શ્રીફળ–પધરાવવામાં આવે છે. શ્રી એટલે શોભા, શ્રી એટલે માધુર્ય. શ્રીફળમાં ઉપર છોડાં છે, તે પછી કાચલી આવે છે. કાચલીમાં પાણી હોય છે અને કોપરૂં હોય છે. મજાની વાત એ છે કે કાચલી સાથે કોપરૂં પોટેલું હોય છે. કારણકે તે પાણીથી ભીનું રહ્યા કરે છે પણ એકવાર પાણી તદ્દન સૂકાઈ જાય એટલે કોપરૂં ગોટાના રૂપમાં કાચલીથી અને ઉપરનાં છોડાંથી તદ્દન જુદું પડી જાય છે. ગોટાનો કોઈ સાથે સંબંધ રહેતો નથી. વેદાંતીઓ કહે છે આપણે પણ અંદરના કોપરાંના ગોટા જેવા આત્મરૂપ છીએ. પણ સ્થૂલશરીર અને સૂક્ષ્મશરીર જ આપણે છીએ એમ આપણે માનીએ છીએ. શા માટે? કારણ અંદર અજ્ઞાનનું વાસનાઓનું જળ છે. અજ્ઞાન ખરેખર અજ્ઞાન છે પણ મીઠું લાગે છે. વાસના મધ જેવી લાગે છે. આ અજ્ઞાન અને વાસનાને લીધે જ તદ્દન પૃથક્ છતાં આત્મા સૂક્ષ્મશરીરરૂપ કાચલીસાથે અને સ્થૂલશરીરરૂપ છોડાં સાથે જોડાયેલ રહે છે. જ્ઞાનપ્રાપ્તિ થતાં વાસનાનાં જળ સૂકાઈ જતાં કોપરૂં અર્થાત્ ચૈતન્ય આત્મા આ બન્ને શરીરોથી પૃથક છે એ અનુભવી શકાય છે. આ સત્ય સમજવા મંગલકલશ પર શ્રીફળ મૂકવાનો રિવાજ છે.

નવરાત્રિમાં ગરબાનું પૂજન કરવામાં આવે છે. માટીના છિદ્રોવાળા ઘડામાં દીવો પ્રગટાવી પછી તેની પૂજા કરવામાં



આવે છે. આજે લોકો ધાતુના ગરબાઓ રાખે છે, મૂળમાં તો ગરબો માટીનો જ લેવાતો. આ માટીનો ઘટ એ આપણા દેહનું પ્રતીક છે. એકલા ઘડાની પૂજા થાય નહિ. તેમાં દીપક હોય ત્યારે તે પૂજાય. આ દીપક તે ચિન્મય આત્મજ્યોતિનું સ્વરૂપ છે. પણ ઘડામાં પૂરાયેલા દીપકના પૂર્ણ પ્રકાશનો આપણને અનુભવ થતો નથી. આપણને જે પ્રકાશ મળે છે તે તો પેલાં છિદ્રોમાંથી આવે છે તે છે. શરીરરૂપ માટીના ઘડામાં પણ ઇંદ્રિયોરૂપ છિદ્રો છે. આ છિદ્રો વડે શબ્દાદિ વિષયોનું જ્ઞાન થાય છે પણ તે તો અલ્પ છે; આત્મામાં રહેલ અનંતજ્ઞાન, અનંતદર્શન અને અનંત ચારિત્ર્યનો અનુભવ દેહાદિક પ્રપંચના અસ્તિત્વને લીધે થતો નથી એવું જૈનદર્શન પણ માને છે. જૈનદર્શન પ્રમાણે તો ઇંદ્રાદિ દેવોને પણ અવધિ જ્ઞાન હોય છે. મુક્તાત્માઓ જ કેવલજ્ઞાન પામે છે. હિંદુઓ પણ માને જ છે કે દેહાદિ પદાર્થો સાથેના અનુસંધાનવાળું જ્ઞાન વાસ્તવમાં જ્ઞાન જ નથી, તે તો અજ્ઞાન છે. ઘડાની અંદર રહેલા ચિન્મય આત્માનું દર્શન જ પૂર્ણપ્રકાશ છે. એટલે નવરાત્રિમાં ગરબો ઘડાને–ભેદીને પિંડને ભેદીને પરમરૂપને પામવાની સાધના શીખવે છે.

આ પછી આપને લઈશું ૐ. ૐકારમાં જૈન દર્શન પ્રમાણે નમસ્કાર મંત્રના પંચમેષ્ઠિ છે. એટલે ૐ અર્હંતપદને સૂચવે છે. વૈદિકો માને છે કે ૐ નો ઉચ્ચાર નાભિના ઊંડાણથી કરતાં તેમાં अ, उ અને म એમ ત્રણ માત્રાઓ બોલાય છે. આ ત્રણ માત્રાઓ આપણી ત્રણ અવસ્થાઓ નિર્દેષે છે.

ૐ ની अ માત્રા જીવાત્માની જાગ્રત અવસ્થા બતાવે છે તેમાં आत्मा + અંતઃકરણચતુષ્ટ્ય + ઇંદ્રિયો + સ્થૂળ પદાર્થોનું અસ્તિત્વ અને તેના ભોગ છે

(૨) ૐ ની उ માત્રા જીવાત્માની સ્વપ્નાવસ્થા બતાવે છે

તેમાં આત્મા છે + મન છે + મનોકલ્પિત પદાર્થો છે અને ભોગ પણ મનોકલ્પિત પદાર્થોનો છે.

અહીં શરીર શાંત છે, ઇંદ્રિયો કામ કરતી નથી; સ્થૂળ જગત પણ દેખાતું નથી.

(૩) ૐની म માત્રા જીવાત્માની સુષુપ્તિ અવસ્થા બતાવે છે. અહીં માત્ર આત્મા છે તેમાં મન વગેરે અંતઃકરણ લય પામ્યાં છે એટલે સ્થૂળ કે સૂક્ષ્મ મનોકલ્પિત એક પણ પદાર્થનો ઉપભોગ નથી.

આ ત્રણે અવસ્થામાં બધામાં જ માત્ર આત્માનું અસ્તિત્વ છે. બીજા બધા એકાદ અવસ્થામાં તો નાશ પામે છે માટે આત્મા એક, અખંડ અવિનાશી છે. આ ત્રણે અવસ્થાઓ અજ્ઞાનની છે. પરંતુ ૐનો એક ચતુર્થપાદ છે એ આ ત્રણ अ, उ, मથી વિલક્ષણ છે. આ ચતુર્થપાદ એ આત્માનો પણ તુરીય (ચતુર્થ) અવસ્થા સૂચવે છે. એ અવસ્થા સમાધિ અથવા બ્રહ્માનુભવના રૂપમાં અનુભવાય છે તેમાં માત્ર આત્મા જ છે. તેમાં દેશ નથી, કાળ નથી, દિશાઓ નથી, દ્રવ્ય નથી, દશ્ય નથી, પણ માત્ર શુધ્ધ ચેતન જ સર્વત્ર છે.

દેવમંદિરોમાં અથવા ઘરમાં ભગવાનનું નીરાજન થાય છે. નીરાજન એટલે આરતી. આરતી થાય ત્યારે સુંદર રીતે ઘંટા વાગે છે. લયબધ્ધ રીતે થતા ઘંટારવ સાથે મનનો દેવ-પ્રતિમામાં લય કરવાની યૌગિક પ્રક્રિયા એ આરતી છે. મનનો ભગવાનનાં સ્વરૂપમાં લય કરવા માટે યોગમાં ધારણા અને ધ્યાન નામની બે ક્રિયાઓ છે. ધારણા એટલે ભગવાન-નાં એક એક અંગનું સ્વરૂપ મનમાં ઠીકઠીક સમય સુધી સ્થિર કરવું, અથવા મનને ભગવાનનાં અંગમાં લઈ જવું. આરતી દ્વારા પ્રથમ શ્રીભગવાનનાં ચારુ ચરણોનાં દર્શન કરવાં. એ પછી પીતાંબરથી આવૃત્ત ઘૂંટણનાં દર્શન કરવાં એ પછી શ્રી-



ભગવાનનાં જંઘાયુગલમાં મનને લઇ જવું. પછી સુવર્ણકાર-મેખલા જેના પર વિરાજે છે તે કટિમાં મનને સ્થિર કરવું. એ પછી ત્રિવલી યુક્ત ગહન ગંભીર નાભિ સરોવર યુક્ત ભગવાનના ઉદર પાસે આરતીની જ્યોત લઇ જઇ મન વડે તેનું ધ્યાન કરવું. એ પછી પ્રભુના બે વામ કરકમલમાં રહેલા શંખ અને કૌમોદકી ગદા યુક્ત શ્યામલ, સુકોમલ, પરિપુષ્ટ, અલંકાર મંડિત ભૂજાઓનાં આરતી સાથે દર્શન કરી ભગવાન-નાં વક્ષસ્થલમાં વિરાજતા શ્રીવત્સ અને ભૃગુલાંછનમાં મનને લઈ જઇ દક્ષિણ ભુજાઓમાં રહેલા સુદર્શન અને શ્વેતપદ્મનાં દર્શન કરી પ્રભુના શંખસમાન સુંદરકંઠનાં અને તેમાં રહેલા કૌસ્તુભમણિનાં દર્શન કરી મુખારવિંદમાં ઠીકઠીક લાંબો સમય સુધી આરતી સ્થિર રાખી દર્શન કરતાં કરતાં લાલઅધરોષ્ઠ, તલના પુષ્પ સમી નાસિકા, બંકિમ ભ્રૂકુટી, વિશાલ અણિ-યાળાં આ રક્ત નયનો અને કસ્તુરીતિલકથી શોભતા વિશાળ લલાટમાં મનનો લય કરવો. પછી વાંકડિયા કેશપાશ પર આવેલા ઝગહળતા મુકુટનાં દર્શન કરવાં.

આમ ઉત્તમાંગથી ચરણો પર્યંત, અને ચરણયુગલથી ઉત્તમાંગ પર્યંતનાં ભગવાનનાં પરમ સુંદર સ્વરૂપમાં આરતી સાથે સાથે મનનો લય કરતા જવો. એક વાટની આરતી કરતાં કરતાં મારો પોતાનો હું ભગવાનમાં લય કરું છું. એવી ભાવના રાખવી. ત્રણ વાટની આરતી કરતાં મન બુદ્ધિ અને ઇંદ્રિયોને સંસારમાં પ્રેરનાર ત્રિગુણાત્મક પ્રકૃતિને હું સામે રહેલા ભગવાનમાં લય કરું છું એવો ભાવ રાખવો પાંચ વાટની આરતી કરતાં પાંચ જ્ઞાનેંદ્રિયો વડે અત્યાર સુધી જગતનાં પદાર્થો જોયા જાણ્યા, હવે હું પાંચે જ્ઞાનેંદ્રિયો-નો ભગવાન અર્થે ઉપયોગ કરવાની ભાવના કરવી. આમ સાત વાટો વડે આરતી ઊતારતાં પાંચે ઇંદ્રિયો ઉપરાંત મન

અને બુદ્ધિ પણ હું ભગવાનમાં લય કરું છું. આવી ભાવના રાખવી.

આપણા ધર્મમાં સ્વસ્તિક, મંગલકલશ, ૐ, ગરબો, અને આરતી આ બધાં ક્રિયાપ્રતીકોમાં કેવા આધ્યાત્મિક આદર્શો અને સાધનાનાં ઉચ્ચભાવો છે તે આપણે સમજવા પ્રયત્ન કર્યો.
(–રોટરી ક્લબ ઓફ ભાવનગર–સમક્ષ આપેલ એક વ્યાખ્યાન)

## વિષ્ણુના અવતારો સ્વરૂપની મૂર્તિઓ એક પરિચય

પ્રે. વિ. પુરોહિત

| ક્રમ સ્વરૂપ | વર્ણન |
|---|---|
| ૧. મત્સ્યાવતાર | પેટ નીચેથી મત્સ્યાકાર |
| ૨. કુર્માવતાર | પેટ નીચેથી કાચબો. |
| ૩. વરાહાવતાર | કદવરમાં ( કેશોદ ) મોડાસા, કાળી વિજાપુરમાં સુંદર મંદિરો છે. પેટ પાસેથી વરાહ. |
| ૪. નૃસિંહ | ઊભી કે બેઠી–મોઢું તથા હાથના પંજા સિંહના |
| ૫. વામન | વંથલી સોરઠ કમંડલ છત્ર–નાનું સ્વરૂપ |
| ૬. પરશુરામ | જટા–પરશુ |
| ૭. શ્રીરામ | બે હાથ–ધનુષ–કિરીટ મુગટ |
| ૮. શ્રીકૃષ્ણાવતાર | ચાર કે બે હાથ–બંસરી–બાલકૃષ્ણ કાલિયમર્દન–વેણુ ગોપાલ–ગોવર્ધન-ધારી ( શ્રીનાથજી ) |
| ૯. બુદ્ધ | કેશવ સ્વરૂપ કે બુદ્ધ |
| ૧૦. કલ્કી | ખાસ ક્યાંય નથી |



| | |
|---|---|
| ૧૧. ઋષભદેવ | તપસ્વી સ્વરૂપ |
| ૧૨. કપિલદેવ | મુનિ સ્વરૂપ કે ચતુર્ભુજ હાથમાં ચક્ર ને બદલે માતાને બોધ આપતી ઉંચી આંગળી |
| ૧૩. કુમાર–૪ બાળકો | સનક, સનંદ, સનાતન, સનતકુમાર બ્રહ્મદેવના પુત્રો |
| ૧૪. દત્તાત્રેય | ત્રિમૂર્તિ સ્વરૂપ |
| ૧૫. ધનવંતરી | કળશ કમળ–સાથે હોય છે. |
| ૧૬. નરનારાયણ | ભગવાન કૃષ્ણ અને અર્જુન ચતુર્ભુજ સ્વરૂપ |
| ૧૭. નારદ | નારદ મુનિ સ્વરૂપ |
| ૧૮. બલરામ | હળમુશળ–વરદ–ગદા–હળચક્ર–મુશળ જટા |
| ૧૯. મોહિની | ત્રિપુર સુંદરી સ્વરૂપ |
| ૨૦. વરદરાજ | ગજેન્દ્ર મોક્ષ કરનાર વિષ્ણુ |
| ૨૧. શ્રીવિઠ્ઠલ | કેડે હાથ |
| ૨૨. વેંકટેશ | : હરી હર : ઉપર શંખચક્ર નીચેનો એક કટી ઉપર, બીજો અભય. |
| ૨૩. રંગનાથ | આઠ હાથના |
| ૨૪. વૈકુંઠનાથ | આઠ હાથના |
| ૨૫. શેષશાયી | શેષનાગ પર વિષ્ણુ |
| ૨૬. લક્ષ્મીનારાયણ | માધવ રુક્મણી સ્વરૂપ. |

૨૭. ચૌદ હાથવાળા વિષ્ણુ મહુડીના કોટયાર્ક મંદિરની ગંધામાં છે.

સોળ હાથ તથા વીશ હાથના વિશ્વરૂપ થાય છે.

વિષ્ણુ મંદિર કે સ્થાપિત મૂર્તિ હોય તો સામે કે પિઠીકામા ગરુડજી હોય.

# સત્યની ચકાસણી

સ્વામી શ્રી રામ
(હોનેસ્ડેઇલ, પેન્સિલ્વેનિયા–યુ. એસ. એ.)

એક વાર એક સ્ટેશન માસ્તરે માગણી કરવાથી મારા ગુરુદેવે તેમને ત્રણ મહિના સુધી જૂઠું ન બોલવાનો નિયમ પાળવા કહ્યું. એ બાજુના રેલવે–કર્મચારીઓ લાંચિયા હતા, તે બધા સ્ટેશન–માસ્તરના સાચું બોલવાથી તપાસમાં પકડાઈ ગયા. બધા પર કેસ ચાલ્યો ને સજા થઇ. તેમણે સ્ટેશન–માસ્તર પર ખોટો આરોપ મૂકવાથી તેમના પર પણ કેસ ચાલ્યો. તેનાં પત્ની–બાળકો તેને છોડી ગયાં...એક દિવસ અમે એ સ્થળથી ૩૦૦ માઈલ દૂર નર્મદા નદીને કાંઠે હતા. મારા ગુરુદેવ અચાનક હસવા લાગ્યા. કહે : "તને ખબર છે શું થયું છે? જે માણસને મેં જૂઠું ન બોલવા કહ્યું હતું તે જેલમાં છે."

મેં કહ્યું : "એમાં હસો છો કેમ?" ગુરુદેવે કહ્યું : "હું એના પર નથી હસતો. મૂર્ખ દુનિયા પર હસું છું."

સ્ટેશન–માસ્તરને ન્યાયાધીશ આગળ ખડા કરવામાં આવ્યા, ત્યારે જજે પૂછ્યું : "તમારો વકીલ ક્યાં છે?" સ્ટેશન–માસ્તરે કહ્યું : "મને વકીલની જરૂર નથી. મારે સાચું જ કહેવું છે, ભલે મારે જેલમાં ગમે તેટલાં વરસ જવું પડે. મારી નોકરી ગઈ છે, પત્ની–બાળકો મને છોડી ગયાં છે. મારી પાસે પૈસા નથી કે મિત્ર નથી. એક જ મહિનામાં આ બધું બન્યું છે, પણ હું હજી બીજા બે મહિના ચકાસવા માગું છું. ભલે ગમે તે થાય."

ન્યાયાધીશે ચેમ્બરમાં બોલાવીને પૂછતાં ખબર પડી કે



તેમને આ નિયમ આપનાર મારા ગુરુદેવ ન્યાયાધીશના પણ ગુરુ હતા. ન્યાયાધીશે તેને ધન્યવાદ આપ્યા.

ત્રણ મહિના સુધીમાં એ માણસ પાસે કાંઇ ન રહ્યું પછી ત્રણ મહિનાનો છેલ્લો દિવસ આવ્યો; તેને તાર મળ્યો કે તેના પિતાની જમીન સરકારે લઇ લીધી હતી, તે હવે તેને પાછી આપવામાં આવે છે. આ બાબતની તેને ખબર જ નહોતી. જમીનની કિંમત એક લાખ રૂપિયાની હતી. તેણે તેમાંથી પત્ની–બાળકોને ભાગ આપ્યો. એ લોકોએ કહ્યું : "અમે તમારી પાસે પાછા આવવા ઈચ્છીએ છીએ."

સ્ટેશન માસ્તરે કહ્યું : "ના, અત્યાર સુધી ત્રણ મહિના સુધી સાચું બોલવાથી શું થાય છે તે મેં જોયું; હવે હું જોવા માગું છું કે આખી જિંદગી જૂઠું ન બોલીએ તો શું થાય!"

[નવનીત (ઓકટોબર, ૧૯૭૯) સૌજન્યથી]

મનમાં ઉત્પન્ન થતાં બૂરા વિચાર મન સુધી સીમિત રાખવા, તેનું આચરણ ન કરવું. અનૈતિક આચરણ, સામાજીક સ્વાસ્થ્ય, સ્થિરતાની દૃષ્ટિએ યોગ્ય ન ગણાય.

વિદ્યામંદિરોમાં પણ વિદ્યા વિક્રયના તરેહતરેહના વિકલ્પો વધતા જાય છે.

લોહીમાં વિશુદ્ધિ હોય તેના મનમાં બૂરા વિચારો ઉદ્ભવી શકતા નથી.

# દીર્ઘકાલીન યૌવન

સંકલન : શ્રી. જે. વી. શાહ

વૃદ્ધાવસ્થાના આગમન માટે નિર્બળ વિચારસણી જ કારણભૂત છે. 'હવે હું ૬૦નો થયો. મારી જેમ તમારી પણ આંખ અને સ્મરણશક્તિ ઝાંખી અને મંદ જેફ ઉંમરે થઈ જવાની'— આવું કથન માંદલા માનસવાળા મનુષ્યો જ કરતા હોય છે. નકારાત્મક વિચારો શરીર ઉપર ભયંકર અસર કરે છે. 'જેવા વિચાર તેવો મનુષ્ય'—આ કથન પ્રમાણે 'સમય મનુષ્યને ઘરડો બનાવે છે, (અવતરણ) એ તેના નિરાશાવાદી વિચારોનું ફળ છે.

નિરાશાવાદી નકારાત્મક વિચારોને મનુષ્ય મનમાંથી દેશવટો આપી દે તો મનુષ્ય—ઉંમરે પહોંચતાં પણ–ચેતનવંતો રહે છે. આશાવાદી મનુષ્યના શરીરના કોષો–ઉંમરની અસર પામતાં હોવા છતાં—બહુ પરિવર્તન પામતા નથી. નિર્બળ માનસનું પરિણામ નિર્બળ કોષો અને તેના ફળસ્વરૂપે અકાળે વૃદ્ધત્વની પ્રાપ્તિ છે અને લથડતે પગે પડતાં–આખડતાં મૃત્યુ તરફની કૂચ છે.

મિતીહારી, મિતાચારી અને મિતભાષી વિવેકબુદ્ધિશીલ સંયમી મનુષ્ય શાન્તિમય જીવનનું સર્વોચ્ચ શિખર સર કરે છે. આવા સંયમી મનુષ્યનું શરીર–આજ્ઞાંકિત નોકરની જેમ-ખડે પગે તેની આજ્ઞા ઉઠાવે છે. કુવિચાર, કુતર્ક અને કુટેવ ધરાવતો મનુષ્ય ૩૦ વર્ષની વયે પણ વૃદ્ધ થઈ જતો દેખાય છે જ્યારે વિવેકી–સંયમી મનુષ્ય ૬૦ મે જ નહિ પરન્તુ ૮૦ મે વર્ષે પણ તાઝગીપૂર્ણ અને ચેતનવંતો રહે છે.

શરીર સ્વ–અર્થ અને પરમ–અર્થ પ્રાપ્ત કરવાનું સર્વશ્રેષ્ઠ



સાધન છે. ભાગ્યવશાત્ પ્રાપ્ત સંપત્તિના સદ્ઉપયોગ માટે અને 'પરમ'ની પ્રાપ્તિની સાધના માટે સ્વાસ્થ્યપૂર્ણ શરીર અત્યંત જરૂરી છે. વૃત્તિતરંગો વિહીન મન અને શાસ્ત્રવિહિત સંયમીજીવન, શરીર અને ઉંમરની સમતુલા જાળવી રાખે છે.

શૌચાદિથી પરવારી બ્રાહ્મવેળાએ નાભિકેન્દ્રિત દીર્ઘ ઊંડા શ્વાસપ્રશ્વાસની ક્રિયા, કસરત, આસન, ધ્યાન, પ્રભુસ્મરણ તેમજ પ્રાર્થના અને પછી નૈસર્ગિક વાતાવરણમાં કુદરતની લીલાનાં દર્શન કરતાં કરતાં વહેલી સવારે ઝડપભેર ફરવાનું વગેરેથી શરીરમાં લોહીના અભિસરણની ક્રિયા બહુ સુંદર રીતે થાય છે અને તેનાથી તાઝગી અને તંદુરસ્તી સાંપડે છે.

સંયમી મનુષ્ય માટે માત્ર મિતાહાર–મિતાચાર જ નહિ પરંતુ શૌચાદિ દેહશુદ્ધિની નિયમિત, સરળ અને સહજ ક્રિયા, આંતરે આંતરે અઠવાડિયે એક ઉપવાસ, ભોજનમાં ફળ, રસ, તાજાં શાકભાજી અને કાચી કચૂંબરનો ઉપયોગ–વગેરે સ્વાસ્થ્ય માટે પૂરક અંશો છે.

ઉષઃપાન, સૂર્યનો પ્રકાશ, ખુલ્લી હવા, શ્રમપ્રેમી જીવન અને આવશ્યક આરામ તથા નિદ્રા–આ બધાં પણ સ્વાસ્થ્યનો ખજાનો બક્ષવામાં મહત્ત્વનો ફાળો આપે છે.

કુદરતમય જીવન મનુષ્યને અમૂલ્ય જીવનશક્તિનું પ્રદાન કરે છે. જીવનના લક્ષ્યબિન્દુ સમાધિ કે આત્મબોધ પર્યંત જેની જરૂર છે, એવું શરીર રૂપી સાધન સર્વોત્તમ હોવાની ઘણી અગત્ય છે; તેથી શરીરને સર્વોત્કૃષ્ટ કરવાનો પ્રયત્ન એ સ્વાર્થી નહિ પરન્તુ પારમાર્થિક પ્રયત્ન છે.

કુદરત મનુષ્યને નિરંતર નિરોગી, નિરંતર યુવાન અને નિરંતર ચેતનવન્તો રાખવા તત્પર છે. આરોગ્ય તથા અખંડ યૌવન માગનારને તે બંને મળે છે. ઘડપણ અને મૃત્યુ માગનારને તે મળે છે

શરીરને જેટલું વાપરવું જોઇએ તેથી ઓછું વાપરવામાં આવે તો તેનો વહેલો વિનાશ થાય છે. ઉંમર અને જ્ઞાન વધવાની સાથે મનુષ્યનું શરીર દુબળું અને વૃદ્ધ થતું જાય, એ મનુષ્યને માથે નાનુસુનું કલંક નથી.

નિર્દોષ બાળકની જેમ દોડવું, કૂદવું, ફૂદા–પતંગિયાની પેઠે ઊડવું, ખિલખિલ હસવું–એ બધી ક્રિયાઓમાં શરીરને નવું અને તાજું રાખવાની કૂંચી છે. વૃદ્ધ માણસે પણ સુંદર રીતે જીવવું હોય અને વિકાસ સાધવો હોય તો મનથી બાળક જેવા થવું જોઇએ અને મનમાંથી ઉંમર પાકી ગયાના ઢીલા વિચારોને, જડબેસલાક થઈ ગયેલા નિશ્ચયોને, રજા આપી દેવી જોઈએ.

## ધ્યાન સાધના શિબિરની ફી

શિબિરમાં આવનાર સાધકોએ ચાર થી સાત દિવસના રૂા. ૬૦ અને ત્રણ દિવસના કે તેથી ઓછાના રૂા. ૩૦ આપવાના રહેશે.

સ્થાનિક સાધકો વિના ફી ભાગ લઇ શકશે. પણ ભેટ તરીકે રૂા. ૨૦ની અપેક્ષા રાખવામાં આવે છે.

શિબિરનું સ્થળ ડી. એન. હોલ, બહેનો માટે ઉતારાનું સ્થળ અલગ છે.

સ્મરણિકામાં જાહેર ખબરનું મેટર શ્રી. રમણભાઇ સોની, પ્રમુખ. શ્રી યોગેશ્વર સત્સંગ મંડળ, લાડવાડા, વડોદરા—૧૭ ને મોડામાંમોડું તા. ૨૫-૪-૮૨ સુધીમાં મોકલાવવા વિનંતી.



# રામકથા

ગતાંકથી ચાલુ

શ્રી યોગેશ્વરજી

'ઇન્દ્ર આશ્રમમાંથી નાસી જવાની તૈયારી કરતા હતા ત્યાં જ એ આશ્રમના પ્રાંગણમાં તપોમૂર્તિ જ્ઞાનવૃદ્ધ મહર્ષિ ગૌતમે પ્રવેશ કર્યો. એ અગ્નિ સમાન તેજસ્વી હતા. એમને દેખીને દેવોના રાજા ઇન્દ્ર ભયથી ધ્રૂજવા લાગ્યા. એના વદન પર વિષાદ છવાઇ ગયો. ગૌતમે એને જોઇને રોષે ભરાઇને કહેવા માંડ્યું.

'ઇન્દ્ર ! તેં દુર્બુદ્ધિને વશ થઇને જે કુકર્મ કરી લીધું છે તે કુકર્મના પરિણામથી તું કદાપિ નહીં છુટી શકે. તું અંડકોષોથી રહિત બની જા ! '

મહર્ષિ ગૌતમે એટલું કહ્યું ત્યાં તો ઇન્દ્ર અંડકોષોથી રહિત બની ગયો. એના બંને અંડકોષ એજ વખતે પૃથ્વીપર પડી ગયા.

'ત્યારે તો મહર્ષિ ગૌતમ ઘણા પ્રતાપી કહેવાય.' સીતા બોલી.

'હા, એ પરમ પ્રતાપી ને સત્ય સંકલ્પ હતા. ઇન્દ્રને એ પ્રમાણે શાપ આપીને એમણે પોતાની પત્ની અહલ્યાને પણ શાપ આપ્યો કે દુરાચારિણી ! ઇન્દ્રનાં કુકર્મમાં તે ધર્મની મર્યાદાનો ત્યાગ કરીને સાથ આપ્યો છે માટે અમુક વરસો સુધી પવન પ્રાશન કરીને કે ઉપવાસ વેઠીને અનેક પ્રકારનાં કષ્ટો ભોગવતી તું અહીં રાખમાં પડી રહીશ. તું આ આશ્રમમાં રહીશ તો પણ તને કોઈ યે નહિ જોઇ શકે. દૈવયોગે ફરતાં ફરતાં દશરથનંદન રામ અને લક્ષ્મણ આ વનમાં પ્રવેશ કરશે ત્યારે તું પાવન થઇશ. એમનો સત્કાર કરવાથી તારો દોષ દૂર થશે, તને તારા પૂર્વ શરીરની પ્રાપ્તિ થશે, તથા તું મારી પાસે આવી જશે.'

'મહર્ષિ ગૌતમનો એ શાપ ઘણો ભયંકર કહેવાય'. 'ઊર્મિલાથી બોલ્યા વિના ના રહેવાયુંઃ અને એ પણ પોતાની પ્રિય પત્નીને માટે.'

'મહર્ષિ એવો શાપ આપી જ કેવી રીતે શક્યા?' સીતાએ સૂર પરોવ્યો.

રાજા જનકે શાંતિ પૂર્વક કહેવા માંડ્યું:

'મહર્ષિના મુખમાંથી એવો શાપ આપો આપ જ નીકળી ગયો. એ પછી આશ્રમનો ત્યાગ કરીને એ હિમાલયના પવિત્ર પ્રદેશમાં તપ કરવા માટે ચાલ્યા ગયા.'

'મુનિ વિશ્વામિત્રની સૂચનાથી દશરથનંદન રામ લક્ષ્મણ સાથે એ એકાંત આશ્રમમાં ગયા. એમણે પરમ તપસ્વિની સૌભાગશાલિની અહલ્યાનું દર્શન કર્યું. રામના દર્શન પહેલાં એ બીજા કોઈને નહતી જોઈ શકતી. રામના દર્શનથી ગૌતમનો શાપ સફળ થયો એટલે એ સૌ કોઈને દેખાવા લાગી. રામ લક્ષ્મણે પ્રસન્નતા પૂર્વક એના ચરણોનો સ્પર્શ કર્યો. ગૌતમના શબ્દોનું સ્મરણ કરીને અહલ્યાએ રામ લક્ષ્મણ ને વિશ્વામિત્રનો ભાવભીનો સત્કાર કર્યો. એ વખતે દેવોએ દુંદુભી વગાડીને ફૂલોની વર્ષા કરી. અહલ્યાને તપના પ્રભાવથી ફરીવાર પોતાના વિશુધ્ધ, પૂર્વ સ્વરૂપની પ્રાપ્તિ થઇ. એ કલ્યાણકારક મહાકાર્ય કરીને મુનિ વિશ્વામિત્ર સાથે રામ લક્ષ્મણ આપણા અતિથિરૂપે અહીં આવ્યા છે. માટે જ હું કહું છું કે રામની શક્તિ અલૌકિક છે. એ એક મહામાનવ છે.'

સીતા અને ઊર્મિલા એ વાતને ભારે વિસ્મય તથા પ્રેમપૂર્વક સાંભળી રહ્યાં.

એને પરિણામે એમનો રામને માટેનો આદરભાવ અનેક ગણો વધી પડ્યો. સીતા બોલીઃ

'રામના સુકોમળ શરીર પરથી એવું અનુમાન નથી થતું કે એ અસીમ શક્તિ વાળા કે પ્રતાપી હશે. રામ અને લક્ષ્મણ બંને દેખાવમાં તો છેક સાધારણ જેવા છે.'

'એમની અંદર આવું અનંત સામર્થ્ય પડેલું છે એની તો કલ્પના પણ નથી કરી શકાતી.' ઊર્મિલાએ કહ્યું: 'છતાં પણ આવી કથાઓને



સાંભળીને એમની અસાધારણ શક્તિ, યોગ્યતા અથવા લોકોત્તરતાની પ્રતીતિ થાય છે. એ બંને ભાઈઓ રૂપમાં તો મન્મથને પણ મહાત કરે તેવા ને રસમાં માધુર્યની મૂર્તિ જેવા છે, પરંતુ બળમાં પણ એવા જ અજોડ લાગે છે. એવા રાજકુમારોના દર્શનનો લાભ મળવાથી લોચન ધન્ય થયા ને જીવન સફળ બન્યું.' જનકે કહ્યું.

મને પણ એવું જ લાગે છે. એમની ઝાંખી કરવાનું સૌભાગ્ય સાંપડ્યું છે ત્યારથી મને સ્વર્ગ સુખનો અનુભવ થઈ રહ્યો છે. જે વિધાતાએ એમને જન્મ આપ્યો એજ વિધાતાએ એમનો મેળાપ કરાવ્યો એટલું જ નહિ પણ એમને માટે પ્રાણમાં પ્રેમ પેદા કરાવ્યો. એ એની જ કૃપા છે. હવે એ પ્રેમ સફળ થાય તો સારું.

સીતા અને ઊર્મિલાના અંતરમાં એ શબ્દો અંકિત થઈ ગયા. એમની અવસ્થા પણ એવી જ હતી.

એક રીતે જોતાં એ શબ્દો એમની પોતાની અવસ્થા અને આકાંક્ષાનો પડઘો પાડી રહ્યા.

એમને પણ એવું જ થયું કે 'હવે એ પ્રેમ સફળ થાય તો સારું.'

એ દિવસે રાતે મોડે સુધી બંનેને રામ ને લક્ષ્મણના જ વિચારો આવ્યા કર્યા.

બંનેની બંધ આંખના પડદા પર એ સુંદર ઉદ્યાન એ આકર્ષક ફૂલવાડી, એ સરસ સરોવર, એ મંગલમય મંદિર તથા એ ઉદ્યાનમાં ઊભેલા રામ અને લક્ષ્મણની અમૃતમય આહલાદક આકૃતિઓ ઊભી રહી. ને જુદા જુદા કેટલાય રંગો અથવા પ્રસંગોને પાથરતી ફરવા માંડી.

મનોમન એમણે એમની સાથે કેટલીય વાતો કરી, એના પરિણામે જુદી જુદી લાગણીઓ અનુભવી, અને નવી નવી યોજનાઓ ઘડી તેમજ ભાત ભાતની આશાઓ બાંધી.

બીજા દિવસે ભવાની માતાની પૂજા માટે સીતા અને ઊર્મિલાએ પોતાની સખીઓ સાથે ફરી વાર મંદિર તરફ પ્રયાણ કર્યું.

માર્ગમાં ઊર્મિલાને સીતાએ પૂછ્યું :

'આજે પણ રામ અને લક્ષ્મણ ફૂલવાડીમાં આવ્યા હશે ?'

ઊર્મિલાએ ઉત્તર આપ્યો :

'કાલે તો એ ઉદ્યાનને જોવા માટે આવેલા. એ કામ તો પૂરું થયું. છતાં પણ ઉદ્યાન એમને ઘણું ગમી ગયું હોય તો આજે પણ આવે ખરા.'

'ઉદ્યાન અને એની ફૂલવાડી તો ભલભલાને આકર્ષે એવી છે.'

'એ હકીકત સાચી છે. પરંતુ રામ અને લક્ષ્મણ તો સ્વયં આકર્ષણના અવતાર જેવા છે. એમને સામાન્ય મનુષ્યો જેવું આકર્ષણ ભાગ્યે જ હોઈ શકે.'

'છતાં પણ એ આજે આવે તો આપણને ઘણો જ આનંદ થાય.'

'હું પણ ઈચ્છું છું તો એવું જ કે એ આવે. મારી આંખ પણ એમને જોવા માટે આતુર છે.'

પરંતુ એ આતુરતા આતુરતા જ રહી ગઈ.

ઉદ્યાનમાં પ્રવેશી સીતા અને ઊર્મિલાએ ભારે આશા અને ઉત્સુકતાથી ચારે બાજુ નજર નાખી છતાં પણ પોતાની પ્રિય મૂર્તિના મધુર દર્શનનો લાભ એમને ના મળ્યો.

ઊર્મિલાએ ઉદાસ બનતાં ઉદ્‌ગાર કાઢ્યા :

'આજે ઈશ્વરે આપણને નિરાશ કરવાનું નક્કી કર્યું લાગે છે. નહિ તો એ આવું ન કરે.'

સીતાએ એવા જ કોમળ કરુણ સ્વરમાં કહેવા માંડયું:

'કેટકેટલી આશા અને કેટકેટલા ઉમંગ સાથે આપણે આ ઉદ્યાનમાં પ્રવેશ કર્યો છે ! પરંતુ આપણા ઉમંગ અને આપણી આશા પર પાણી ફરી વળ્યું. પ્રારબ્ધે આપણી કલ્પના ને યોજના પર ક્રૂર બનીને કુઠારાઘાત કર્યો. આપણે પરોક્ષ રીતે, કેવળ એકમેકને નિરખવા માત્રથી જે સામાન્ય સુખ માણી રહ્યા હતા. એ પણ એને ના ગમ્યું.'

( ક્રમશઃ )

# સફળ જીવનની ચાવી

ઈશ્વર અને ગુરુદેવમાં શ્રધ્ધા, ભક્તિ અને સંપૂર્ણ શરણાગતિ.

સત્સંગ, સારા પુસ્તકોનું વાંચન અને સાચા સંતોનો સમાગમ.

પ્રાર્થના, ધ્યાન–જપ અને નામસ્મરણ.

થોડો અને સાત્વિક શુધ્ધ આહાર.

પરોપકાર, સેવા અને ઉચ્ચ ભાવનાઓ.

સત્ય, પ્રમાણિકતા, પવિત્રતા, ઉચ્ચવિચારો. શુધ્ધ આચરણ, સાદુ જીવન, સેવા અને નમ્રતા.

અખંડ વિશ્વાસ સાથે ગુરુએ આપેલો કે પોતે પસંદ કરેલા મંત્રનો નિરંતર જપ.

મન તથા ઇન્દ્રિયોનો સંયમ અને સર્વપ્રકારના દુઃખોની સહનશીલતા.

સિધ્ધ પુરૂષોને ઇશ્વર તુલ્ય માનવા અને જડચેતનમાં બધે જ ઇશ્વરનું દર્શન કરવું.

સંતોષી અને બીજાના દોષો જોવા નહિ. કોઇની નિંદા કરવી નહિ.

હ્રદય સરળ અને છળકપટથી રહિત રાખવું. ગુરુ અને શાસ્ત્ર વચનોમાં દ્દઢ શ્રધ્ધા રાખવી.

સંકલન

બાલમુકુંદ શ્રોફ. (મોરબી)

# મન અને ઇંદ્રિયોને જીતો

મન ને ઇન્દ્રિયોને જીતનારે આખા જગતને જીતી લીધું, એમજ માની લેવું. જગતને જીતવા માટે જે શક્તિ જોઇએ, તેથી વધારે શક્તિ પોતાની જાતને જીતવા કે વશ કરવા જોઇએ છે. સાચી શાન્તિ પણ એથી જ અથવા એને પરિણામે જ પામી શકે છે. એ શાન્તિનો અક્ષય ભંડાર માણસની પોતાની અંદર જ પડેલાં છે; પરંતુ તેને મેળવવાની મહેનત કરવાને બદલે, તેને ભૂલીને, તે પોતાની બહારની દુનિયામાં ફર્યાં કરે છે ને ફાંફાં મારે છે. પરિણામે તે નાસીપાસ થાય છે, નિષ્ફળ જાય છે, ને અશાંતિનો અનુભવ કરે છે. બહારની દુનિયાની સાથે, એથી જરાપણ ઉતરતી, રહસ્યભરી ને નવીનતાવાળી નહિ એવી અંદરની દુનિયા—પોતાના દિલની દુનિયા છે, ને તેની માહિતી પણ મેળવવા જેવી છે, એ વાત માણસે નિરંતર યાદ રાખવી જોઇએ.

આવો ત્યારે, મન ને ઇન્દ્રિયોના એવા સંયમને માટે આપણે મહેનત કરીએ, ને એ મહેનતમાં વત્તે ઓછે અંશે સફળતા મેળવીને જીવનને ઉજ્જવળ ને ધન્ય કરીએ; કારણ કે જીવન થોડું ને કરવાનું કામ ઘણું મોટું છે.

—યોગેશ્વરજી

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, લોખંડબજાર, ભાવનગર. ૨૮૧૭૨